" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "
રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 09 | Issue - 64 | AD - 2025, Magshar Vad - 03 | Sunday, Dt.07-12-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### છેલ્લા ત્રણ દિવસથી એરલાઈન્સ કંપની ઈન્ડિગોની ૨૦૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ થતા મુસાફરોમાં આક્રોશ, સુપ્રીમમાં પીઆઈએલ દાખલ

# ઈન્ડિગોના મુસાફરોને તાત્કાલિક રિફંડ ચુકવવા સરકારનો આદેશ

ન્યુ દિલ્હી,તા.૦૬

દેશના એરપોર્ટ્સ પર છેલ્લા ત્રણ દિવસથી એરલાઈન્સ કંપની ઈન્ડિગોની ૨૦૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ થયા બાદ કેન્દ્ર સરકાર એક્શનમાં આવી ગઈ છે. એટલું જ નહીં સુપ્રીમ કોર્ટમાં પણ પીઆઈએલ કરવામાં આવી છે. અનેક એરપોર્ટ પર ફ્લાઈટ રદનો સામનો કરી રહેલા મુસાફરો કંપની પર રોષ ઠાલવી હોબાળો મચાવી રહ્યા છે, જ્યારે અનેક મુસાફરો તાત્કાલિક રિફંડની માંગ કરી રહ્યા છે, જેને લઈને નાગરિક ઉડ્ડયન મંત્રાલયે તમામ પેન્ડિંગ મુસાફરોને રવિવાર રાત્રે ૮.૦૦ વાગ્યા સુધીમાં રિફંડ આપવાનો ઈન્ડિગોને આદેશ આપ્યો છે. બીજીતરફ સુપ્રીમ કોર્ટમાં કરાયેલી અરજીમાં, એરપોર્ટ પર ફસાયેલા મુસાફરોને અન્ય એરલાઈન્સ અથવા ટ્રેનો દ્વારા મફત વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવાની વિનંતી કરવામાં આવી છે. મંત્રાલયે ઈન્ડિગોને પેસેન્જરના લગેજ પણ ૪૮ કલાકમાં પરત આપવાનો તેમજ અન્ય એરલાઈન્સ કંપનીઓને નિર્ધારીત ભાડા કરતા વધુ ભાડું ન લેવાનો પણ નિર્દેશ આપ્યો છે. જો આદેશનું પાલન કરવામાં નહીં આવે તો તાત્કાલિક એક્શન લેવાની પણ ચેતવણી અપાઈ છે. શુક્રવાર બાદ શનિવારે પણ ઈન્ડિગોની અનેક ફ્લાઈટ્સ રદ થઈ હતી, જેને પગલે મુસાફરોએ રિફંડ અને સામાન ન મળવાની ફરિયાદો કરી હતી. ઈન્ડિગો એરલાઈન્સમાં ચાલી રહેલા ભયંકર ઑપરેશનલ સંકટને લઈને સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી (PIL) દાખલ કરવામાં આવી છે. 'ઈન્ડિગો ઓલ પેસેન્જર એન્ડ અનધર' જૂથ દ્વારા દાખલ કરાયેલી આ અરજીમાં આ પરિસ્થિતિને આકાશમાં 'માનવતાવાદી સંકટ' ગણાવીને તાત્કાલિક ન્યાયિક હસ્તક્ષેપની માંગ કરવામાં આવી છે. અરજીમાં




જણાવાયું છે કે, ઈન્ડિગોએ તાજેતરમાં ૧૦૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરી છે, જેના કારણે હજારો મુસાફરો ફસાયા છે. PIL દાવો કરે છે કે, આના કારણે નાગરિકોના બંધારણીય અધિકારો (કલમ-૨૧) નું ગંભીર ઉલ્લંઘન થયું છે, કારણ કે એરપોર્ટ્સ પર નવજાત શિશુઓ, વરિષ્ઠ નાગરિકો અને બીમાર દર્દીઓને ખોરાક, પાણી કે આરામની જગ્યા જેવી મૂળભૂત સુવિધાઓ પણ મળી નથી. ઈન્ડિગોએ આ અવ્યવસ્થા માટે પાયલોટના નવા FDTL નિયમોના અમલીકરણ દરમિયાન થયેલી આયોજનની ભૂલોને જવાબદાર ઠેરવી છે, પરંતુ અરજીમાં DGCA પર પણ પૂરતી દેખરેખ ન રાખવાનો આરોપ છે. PILમાં સુપ્રીમ કોર્ટને નિયમ બંધ કરાવવા, ફસાયેલા મુસાફરો માટે અન્ય એરલાઈન્સ અથવા ટ્રેનો દ્વારા મફત વૈકલ્પિક વ્યવસ્થા કરવાનો આદેશ આપવા અને DGCA પાસેથી રિપોર્ટ માંગવાની વિનંતી કરવામાં આવી છે. રિપોર્ટ મુજબ મુંબઈ એરપોર્ટ પર ચાર દિવસથી લગેજ ન અપાતા મુસાફરોએ ભારે હોબાળો મચાવ્યો હતો. આ ઉપરાંત બેંગલુરુ, કોલકાતા સહિત અનેક એરપોર્ટ્સ પર મુસાફરોની ભારે ભીડ અને લાંબી લાઈનો જોવા મળી રહી છે. બીજીતરફ પાંચ દિવસે પણ ઈન્ડિગોની ઓપરેશનલ ખામી યથાવત્ છે. સમાચાર એજન્સી પીટીઆઈના જણાવ્યા મુજબ, દેશના ચાર મોટા એરપોર્ટ દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ અને બેંગલુરુ સહિત ઘણાં શહેરોમાં આજે ઈન્ડિગોની ૪૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ થઈ છે. છેલ્લા ચાર દિવસમાં ૨૦૦૦થી વધુ ફ્લાઈટ્સ કેન્સલ કરી દેવામાં આવી છે. મંત્રાલયે દેશની તમામ એરલાઈન્સ, ખાસ કરીને ઈન્ડિગોને 'ફ્લાઈટ ડ્યુટી ટાઈમ લિમિટેશન' (FDTL) લાગુ કરવામાં ૧૦ ફેબ્રુઆરી-૨૦૨૬ સુધી હાલ પુરતી રાહત આપી છે. અઠવાડિયામાં એક દિવસ આરામ આપવાના બદલે કોઈપણ રજા ન આપવાનો નિર્ણય પરત ખેંચી લીધો છે. મીડિયા રિપોર્ટ મુજબ, FDTL માપદંડોના બીજા તબક્કાનો અમલ કરવામાં આવ્યા બાદ ઈન્ડિગો ક્રૂ મેમ્બરની તીવ્ર અછતનો સામનો કરી રહી છે. આ કારણે ફ્લાઈટ્સ રદ થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, નવા FDTL નિયમનો પહેલો તબક્કો જુલાઈથી લાગુ થયો છે, જ્યારે બીજો તબક્કો પહેલી નવેમ્બરથી લાગુ થયો છે, જેમાં રાત્રે છ ફ્લાઈટનું લેન્ડિંગ કરાતું હતું, જે બે કરી દેવાઈ છે.

# નીરવ મોદીને ભારત લાવવા માટે તૈયારીઓ પૂરજોશમાં, સીબીઆઇ-ઇડી ટીમો લંડન જવા રવાના થશે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૬

નીરવ મોદીને ભારત લાવવાના પ્રયાસો તેજ થયા છે. ભારતની ટોચની તપાસ એજન્સીઓ, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી), પ્રત્યાર્પણ સુનાવણીમાં હાજરી આપવા માટે આવતા અઠવાડિયે લંડન જઈ રહ્યા છે. એજન્સીઓની મુલાકાત મહત્વપૂર્ણ છે કારણ કે નીરવ મોદીએ યુકેની કોર્ટમાં દાવો કર્યો છે કે જો તેને ભારત મોકલવામાં આવે તો તેને 'ત્રાસ અથવા દુર્વ્યવહાર'નો સામનો કરવો પડી શકે છે. ત્યાં, સીબીઆઈ



અને ઈડી ટીમો કોર્ટમાં નીરવ મોદીના દાવાનો જવાબ આપશે. લંડનમાં એજન્સીઓ કોર્ટને જાણ કરશે કે નીરવ મોદી સાથે ભારતમાં કાયદા અનુસાર કડક વર્તન કરવામાં આવશે અને તેને કોઈપણ રીતે હેરાન કરવામાં આવશે નહીં. ભારત સરકારે પહેલાથી જ યુનાઈટેડ કિંગડમને લેખિત ખાતરી આપી છે. આ પત્રમાં જણાવાયું છે કે નીરવ મોદીને ભારત લાવવામાં આવ્યા પછી, તે ફક્ત કોર્ટની કાનૂની પ્રક્રિયાનો સામનો કરશે અને કોઈપણ એજન્સી દ્વારા તેને હેરાન કરવામાં આવશે નહીં.

ભારતીય ટીમ ૧૪ ડિસેમ્બરથી લંડનમાં હાજર રહેશે. આ કેસમાં મુખ્ય સુનાવણી ૧૬ ડિસેમ્બરે થવાની ધારણા છે. આ સુનાવણી મહત્વપૂર્ણ છે કારણ કે તે નક્કી કરી શકે છે કે નીરવ મોદીની અંતિમ અપીલ સ્વીકારવામાં આવે છે કે તેને ભારત પ્રત્યાર્પણ કરવામાં આવશે.

નીરવ મોદી પર પીએનબી પાસેથી નકલી લેટર ઓફ અંડરટેકિંગ મેળવીને દેશથી મોટી રકમ વિદેશમાં ટ્રાન્સફર કરવાનો આરોપ છે. આ પૈસા તેની કંપનીઓ દ્વારા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા, અને તે પછીથી દેશ છોડીને ભાગી ગયો હતો. સરકાર ઈચ્છે છે કે નીરવ મોદીને શક્ય તેટલી વહેલી તકે ભારત લાવવામાં આવે જેથી તેની સામે અહીં કેસ ચલાવી શકાય અને પીએનબી કૌભાંડની વસૂલાતની પ્રક્રિયા આગળ વધે.

# શ્રી માતા વૈષ્ણો દેવી ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એક્સેલન્સમાં એમબીબીએસ બેઠકો પર પ્રવેશ અંગેનો વિવાદ વધુ વકર્યો

(એચ.એસ.એલ),જમ્મુ,તા.૬

શ્રી માતા વૈષ્ણો દેવી ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એક્સેલન્સમાં એમબીબીએસ બેઠકો પર પ્રવેશ અંગેનો વિવાદ વધુ વકર્યો છે. શુક્રવારે, હિન્દુ સંગઠનોના કાર્યકરોએ તાવી બ્રિજ પર લગભગ ૪૫ મિનિટ સુધી વિરોધ પ્રદર્શન કર્યું અને મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાનું પુતળું બાળ્યું. તેમણે શ્રાઈન બોર્ડ સામે પણ ગુસ્સો વ્યક્ત કર્યો.

આ વિરોધ પ્રદર્શનને કારણે તાવી બ્રિજ અને સમગ્ર શહેરમાં ટ્રાફિક જામ થયો, જેના કારણે લોકોને ભારે



અસુવિધા થઈ. શ્રી માતા વૈષ્ણો દેવી સંઘર્ષ સમિતિના બેનર હેઠળ યોજાયેલા આ વિરોધ પ્રદર્શનનો મુખ્ય મુદ્દો કટરા સ્થિત મેડિકલ કોલેજમાં મુસ્લિમ વિદ્યાર્થીઓને ૫૦ માંથી ૪૨ બેઠકો ફાળવવાનો હતો. સંગઠનોએ સ્પષ્ટપણે કહ્યું કે આ વિસંગતતા સહન કરવામાં આવશે નહીં. મુખ્યમંત્રી પર નિશાન સાધતા, વિરોધીઓએ કહ્યું કે તેઓ હવે એવા લોકોમાં નથી જેમને ગ્રાન્ટની ધમકીથી ડરાવવામાં આવે છે. રસ્તા પર ઉતરેલા વિરોધીઓએ શ્રી માતા વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડની આકરી ટીકા કરી અને સીટ ફાળવણી રદ કરવાની માંગ કરી. તેમણે કહ્યું કે બોર્ડે આ મામલે હસ્તક્ષેપ કરવો જોઈએ અને હિન્દુ વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેવો જોઈએ. સંઘર્ષ સમિતિના કન્વીનર, નિવૃત્ત કર્નલ સુખબીર સિંહ માનકોટિયાના આહ્વાન પર બજરંગ દળ અને કરણી સેના સહિત અનેક હિન્દુ સંગઠનોના કાર્યકરો તાવી પુલ પર એકઠા થયા હતા. પ્રવેશ પ્રક્રિયા સામે અવાજ ઉઠાવવા માટે મહારાજા હરિ સિંહની પ્રતિમા નીચે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

# સસ્પેન્ડેડ ટીએમસી ધારાસભ્યએ મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદનો શિલાન્યાસ કરતા વિવાદ

(એચ.એસ.એલ),મુર્શિદાબાદ,તા.૬

પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં અયોધ્યામાં બાબરી મસ્જિદના નમૂના પર નવી મસ્જિદનો શિલાન્યાસ થયો. તૃણમૂલ કોંગ્રેસના સસ્પેન્ડેડ ધારાસભ્ય હુમાયુ કબીરે કડક સુરક્ષા વચ્ચે મુર્શિદાબાદ જિલ્લાના રેજીનગરમાં મસ્જિદનો શિલાન્યાસ કર્યો હતો. બેલડાંગામાં નવી મસ્જિદ માટે જમીન પહેલાથી જ ફાળવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સાઉદી ધર્મગુરુ પણ હાજર રહ્યા હતા. લગભગ ૬૦,૦૦૦ લોકો માટે




બિરયાની પણ તૈયાર કરવામાં આવી હતી, જેમાં ૪૦,૦૦૦ મહેમાનો અને ૨૦,૦૦૦ સ્થાનિક લોકોનો સમાવેશ થાય છે. વિવિધ પ્રદેશોમાંથી લોકો ઈંટો લઈને બેલડાંગા પહોંચ્યા હતા. કેટલાક લોકો તિરંગો લઈને ત્યાં પહોંચ્યા. તેમણે કહ્યું, અમે ભારતના નાગરિક છીએ અને સાથે રહેવા માંગીએ છીએ. અમે હુમાયુ કબીર સાથે છીએ. અમે મમતા સાથે નથી. મમતાએ હુમાયુને હાંકી કાઢ્યો. જ્યારે આપણે મંદિર બનાવી રહ્યા છીએ, ત્યારે કોઈ સમસ્યા નથી, પરંતુ જ્યારે આપણે મસ્જિદ બનાવવા જઈ રહ્યા છીએ, ત્યારે સમસ્યા છે.

હુમાયુ કબીરે મસ્જિદના શિલાન્યાસ સમારોહના મંચ પર મૌલવીઓ સાથે ઔપચારિક રિબન કાપી. સમારોહ દરમિયાન, નારા-એ-તકબીર, અલ્લાહુ અકબરના નારા સંભળાયા. સવારથી જ હજારો લોકો સ્થળ પર એકઠા થયા હતા. બાબરી મસ્જિદના નમૂના પર નવી મસ્જિદના શિલાન્યાસ સમારોહ માટે કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે રેજીનગર અને નજીકના બેલડાંગા વિસ્તારમાં પોલીસ, આરએએફ અને કેન્દ્રીય દળોની મોટી ટુકડીઓ તૈનાત કરવામાં આવી હતી.

પાર્ટીએ સમારોહને સાંપ્રદાયિક રાજકારણ સાથે જોડાયેલો ગણાવ્યા બાદ હુમાયુ કબીરને આ અઠવાડિયાની શરૂઆતમાં ટીએમસીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. કબીરે આ મહિનાની શરૂઆતમાં શિલાન્યાસ સમારોહની જાહેરાત કરી હતી, જેના કારણે રાજકીય ટીકા થઈ હતી અને રાજ્ય વહીવટીતંત્રને સુરક્ષા વધારવાની ફરજ પડી હતી.







# બિહારમાં જીત બાદ એનડીએ મોટી બેઠક યોજશે જે રાજ્યના નેતાઓ અને કાર્યકરોને સમર્પિત કરાશે

(એચ.એસ.એલ),પટણા,તા.૬

બિહાર વિધાનસભા ચૂંટણીમાં રાષ્ટ્રીય લોકશાહી જોડાણની શાનદાર જીત બાદ, ભારતીય જનતા પાર્ટી એક મોટી બેઠકનું આયોજન કરી રહી છે. આ બેઠક રાજ્યના નેતાઓ અને કાર્યકરોને સમર્પિત કરવામાં આવશે. ૮, ૯ અને ૧૦ ડિસેમ્બર સુધી ચાલનારી આ ત્રણ દિવસીય બેઠકમાં, ભારતીય જનતા પાર્ટીનું ટોચનું નેતૃત્વ માત્ર પ્રાદેશિક નેતાઓ અને કાર્યકરોનો આભાર જ નહીં માને, પણ ઉજવણી પણ કરશે. જોકે, આ બેઠક પાછળનો એક ઉદ્દેશ્ય આગામી પાંચ વર્ષ માટેની યોજનાઓની ચર્ચા કરવાનો છે. આ માટે રણનીતિ પણ ઘડવામાં આવશે. એવું જાણવા મળ્યું છે કે આ બેઠકમાં ભાજપ પ્રદેશ પ્રમુખ ડૉ. દિલીપ જયસ્વાલ, પ્રાદેશિક સંગઠન મહામંત્રી નાગેન્દ્ર, પક્ષના વરિષ્ઠ અધિકારીઓ, પ્રાદેશિક પ્રભારીઓ, જિલ્લા પ્રભારીઓ, પ્રમુખો, મહામંત્રીઓ, વિધાનસભા પ્રભારીઓ અને સંયોજકો ઉપરાંત ઘણા અન્ય નેતાઓ અને કાર્યકરો હાજરી આપશે.



રાજ્યમંત્રી કૌશિક વેકરીયા, સાંસદ ભરત સુતરીયા અને પાલિકા પ્રમુખ બિપીન લીંબાણી સહિતના આગેવાનોની હાજરીમાં

# અમરેલી નગરપાલિકાના રૂા.૯૦૪.૪૯ લાખના વિકાસકામોનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૦૬

અમરેલી શહેરની સુવિધામાં ઉમેરે કરતા રૂ. ૯૦૪.૪૯ લાખના 'વિકાસ યજ્ઞ'નું ખાતમુહૂર્ત ઉર્જા-કાયદો અને ન્યાય, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે થયું હતું. શહેરના જેસીંગપરા અને લાઠી રોડ વિસ્તારમાં સાંસદ ભરતભાઈ સુતરીયાની ગરિમામય ઉપસ્થિતિમાં યોજાયેલા ખાતમુહૂર્ત સમારોહમાં નગરપાલિકાના પ્રમુખ બિપીનભાઈ લિંબાણી સહિતના મહાનુભાવોએ ભૂમિપૂજન કર્યું હતું. અમરેલી શહેરમાં રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવેલા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી, શહેરી વિકાસ યોજના (યુપીડી-૮૮) વર્ષ ૨૦૨૫-૨૬ હેઠળ શહેરના અલગ-અલગ વિસ્તારોમાં ટ્રીમિક્સ સાથે સી.સી. રોડ, કમ્પાઉન્ડ વોલ, બોક્ષ કલ્વર્ટ, વીંગ વોલ, રિટેઈનીંગ વોલ, બોક્ષ ડ્રેઈન, સ્ટોર્મ વોટર, મેનહોલ ફ્રેમ કવર સાથે મજબુતીકરણ, ફૂટપાથ, ટ્રી-પ્લાન્ટેશન, ગ્રીલ, ગાર્ડન ડેવલપમેન્ટ, સ્ટ્રીટલાઈટ અને ડી.આઈ. પાઈપલાઈનની કામગીરી કરવામાં આવશે. રાજ્યમંત્રીએ આ તમામ કામ સમય મર્યાદામાં અને ગુણવત્તાયુક્ત કરવા માટે સૂચન કર્યું હતું તેમજ અમરેલીની શહેરીવિકાસ યાત્રાને આગળ ધપાવવાની નેમ વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે નગરપાલિકાના સભ્યો, શહેરના અગ્રણી પી.પી. સોજિત્રા, મેહુલભાઈ ધોરાજિયા, સંદિપભાઈ માંગરોળીયા, મૌલિકભાઈ ઉપાધ્યાય સહિત વોર્ડના સભ્યો, નગરપાલિકાના અધિકારીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.



શહેરના અલગ-અલગ વિસ્તારમાં ટ્રીમિક્સ સાથે સીસીરોડ સહિતના વિકાસકામ કરાશે

# ધારીના સરસીયા ગામના આગેવાન જીતુભાઈ શેલડીયા દ્વારા સેવાકાર્ય

ધારી,તા.૦૬

ધારી તાલુકાના સરસીયા ગામે તાજેતરમાં એક દેવીપૂજક પરિવારના વૃદ્ધ સભ્યને પેરાલીસીસનો હુમલો આવ્યો હતો. આ હુમલામાં તેમનું અડધું શરીર હલનચલન કરતું બંધ થઈ ગયેલું. આ વૃદ્ધ ખાટલાવશ થઈ ગયેલ છે તેવી જાણ થતાની સાથે જીતુભાઈ શેલડીયાએ મદદ માટે હાથ લાંબો કરેલ છે. બજરંગ ગ્રુપનાં પ્રમુખ પરેશભાઈ પટ્ટણીએ જીતુભાઈ શેલડીયાને જાણ કરતાની સાથે તેમણે દેવીપૂજક કાળુભાઈની મુલાકાત લઈને તેમને એક વ્હીલચેર અર્પણ કરી હતી. દાનવીર જીતુભાઈ શેલડીયાએ સામાજિક સેવાનો યજ્ઞ પણ શરૂ કર્યો છે. ગરીબોને ધાબળાનું વિતરણ, બાળકોને એજ્યુકેશન કીટ, જરૂરિયાતમંદોને અનાજ-કરિયાણાની વ્યવસ્થા કરી આપે છે. દેવીપૂજક પરિવારે જીતુભાઈનો આભાર માન્યો હતો.


તસવીર : સંજય વાળા

# અમરેલી ખાતે કલા મહાકુંભનો રંગારંગ કાર્યક્રમ સાથે પ્રારંભ

અમરેલી,તા.૦૬

રાજયના ઉર્જા, કાયદો અને ન્યાય, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી, કૌશિકભાઈ વેકરીયાની ઉષ્માસભર ઉપસ્થિતિમાં અમરેલી મુકામે પ્રદેશકક્ષા કલા મહાકુંભ સ્પર્ધા-૨૦૨૫નો ઉત્સાહભેર શુભારંભ થયો હતો. શહેરની કે.કે. પારેખ અને મહેતા આરપી વિદ્યાલય ખાતે સૌરાષ્ટ્રના ૦૮ જિલ્લા અને ૦૪ મહાનગરોના ૪,૦૦૦ જેટલા સ્પર્ધકોના સંગમથી કલા અને સંસ્કૃતિની સરવાણી થશે.

આ સ્પર્ધામાં રાજકોટ શહેર અને ગ્રામ્ય, ભાવનગર શહેર અને ગ્રામ્ય, જામનગર શહેર અને ગ્રામ્ય, જૂનાગઢ શહેર અને ગ્રામ્ય, અમરેલી, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર જિલ્લા કક્ષાએ વિજેતા થયેલા સ્પર્ધકો વચ્ચે તા. ૦૬ થી ૦૮ ડિસેમ્બર દરમિયાન અલગ અલગ વયજૂથમાં ૩૦ સ્પર્ધાઓ યોજાઈ રહી છે.

સ્પર્ધામાં રાજ્ય અને દેશના વિવિધ વિસ્તારોના કલાત્મક લોકનૃત્યો, સમૂહગીત, અભિનય, લેખન, સંગીતના વિવિધ વાદ્યોના વાદન સાથે વક્તૃત્વ કળાની પ્રસ્તુતિ અને અભિનયના ઓજસ પથરાશે. આ સ્પર્ધામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને કલાકારોની કલાત્મક કૃતિઓને રાજ્યમંત્રીએ નિહાળી અને તેમની કળાને બિરદાવી હતી. અમરેલીના યજમાનપદે યોજાઈ રહેલા પ્રદેશ કક્ષાના આ કાર્યક્રમના સફળ આયોજન બદલ જિલ્લા વહીવટીતંત્ર તેમજ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, અમરેલીને તેમણે અભિનંદન પાઠવ્યા હતા.



# સાવરકુંડલાના વંડાની હાઈસ્કૂલમાં સંસ્કૃત ગૌરવ પરીક્ષા યોજાઈ

સાવરકુંડલા,તા.૦૬

સાવરકુંડલા તાલુકાના વંડાની પી.પી.એસ. હાઈસ્કૂલ ખાતે સંસ્કૃતના પ્રચાર અને પ્રસાર માટે સંસ્કૃત ભારતી ગુજરાત પ્રાંત દ્વારા સંસ્કૃત ગૌરવ પરીક્ષાનું આયોજન સારસ્વત નીતાબેન ભટ્ટ અને ગજેરાભાઈ દ્વારા કરવામાં આવેલ. જેમાં ૧૫૦થી વધુ વિદ્યાર્થી ભાઈ બહેનોએ ભાગ લીધો હતો.

ભારતીય સંસ્કૃતિની ધરોહર સમાન સંસ્કૃત ભાષા માટે શાળામાં યોજાતા સંભાષણ કેંદ્રો, સેમિનાર, પરીક્ષાના આયોજન બદલ શાળાના મે.ટ્રસ્ટી મનજીબાપા તળાવિયા, આચાર્ય સંજયભાઈ ચૌહાણે સહુને અભિનંદન પાઠવી બિરદાવ્યા હતા.




# રાહત પેકેજનો લાભ લેવા ઈચ્છતા ૧.૫૬ લાખ ખેડૂતોની અરજીની ચકાસણી પૂર્ણ

અમરેલી,તા.૦૬

રાજ્ય સરકારે તાજેતરમાં થયેલ કમોસમી વરસાદ બાદ કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું હતું. આ અન્વયે પાક નુકસાની સહાયનો લાભ મેળવવા માટે જિલ્લામાં અત્યારસુધીમાં કુલ ૨,૨૪,૬૧૩ ખેડૂતોએ અરજી કરી છે. જે પૈકી ૧,૫૬,૦૦૦ અરજીઓની ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. પી.એફ. એમ.એસ પોર્ટલ મારફત થયેલ કામગીરીમાં ૭૫ હજારથી વધુ નુકસાનગ્રસ્ત ખેડૂતોને રૂ. ૨૫૨ કરોડથી વધુની રકમ ડી.બી.ટી મારફત સીધી અરજદાર ખેડૂતના આધારલિંક બેક ખાતામાં જમા કરવામાં આવી છે.

# સા.કુંડલાના ગુરુકુળની વિદ્યાર્થિની જિલ્લા યુવા ઉત્સવમાં પ્રથમ

સાવરકુંડલા, તા.૦૬

અમરેલીમાં જિલ્લા રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાના યુવા ઉત્સવ ૨૦૨૫ અંતર્ગત વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫ ડિસેમ્બરે કે.કે. પારેખ અને મહેતા આર. પી. વિદ્યાલય ખાતે આ મહોત્સવ યોજાયો હતો. જેમાં સ્વામિનારાયણ ગુરુકુળ, સાવરકુંડલાની ધોરણ-૮ની વિદ્યાર્થિની કાવ્યા પંકજભાઈ ચૌહાણએ ચિત્રકલા સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ગુરુકુળનાં વડા શાસ્ત્રી ભગવત પ્રસાદ દાસજી સ્વામી અને પ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદ દાસજી સ્વામી તથા સંસ્થાનાં કોઠારી અક્ષર મુક્ત દાસજી સ્વામી સહિતનાઓએ અભિનંદન પાઠવ્યા હતા.














## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૧૦૫/૨૦૨૫

શ્રી મુકેશભાઈ નનુભાઈ પાનસુરીયા
રહે.વૃંદાવન સોસાયટી, જેસર રોડ, સાવરકુંડલા
તા.સાવરકુંડલા જિ.અમરેલી ........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, લીલીયા મોટા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી મુકેશભાઈ નનુભાઈ પાનસુરીયાના પોતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૯ના રોજ લીલીયા મોટા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૯/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૧૦૯/૨૦૨૫

શ્રી મુક્તાબેન શાંતીભાઈ ગજેરા
રહે.ગોઢાવદર તા.લીલીયા જી.અમરેલી
........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, ગુંદરણ ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી મુક્તાબેન નાનજીભાઈ ગજેરાના પુત્રી સોનલબેન નાનજીભાઈ ગજેરાનો જન્મ તા.૨૭/૦૧/૧૯૮૭ના રોજ ગુંદરણ મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૯/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૧૦૨/૨૦૨૫

શ્રી ભુરાભાઈ બચુભાઈ સોળીયા
રહે.લોંકી તા.લીલીયા જી.અમરેલી
........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, લોંકી ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી ભુરાભાઈ બચુભાઈ સોળીયાના પુત્ર રસિકભાઈ ભુરાભાઈ સોળીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૫ના રોજ લોંકી મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૯/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૧૦૩/૨૦૨૫

શ્રી મનીષાબેન જગદીશભાઈ વઘાસીયા
રહે.ભમરીયા તા.ગારીયાધાર જી.ભાવનગર
........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, ગોઢાવદર ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી મનીષાબેન જગદીશભાઈ વઘાસીયાની પુત્રી સાક્ષી જગદીશભાઈ વઘાસીયાનો જન્મ તા.૨૮/૦૮/૨૦૦૬ના રોજ ગોઢાવદર મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૯/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

**પોલીસ અધિક્ષક સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ**

# અમરેલી એલસીબીએ અપહરણ, પોક્સોના નાસતા ફરતા આરોપીની ધરપકડ કરી

**એલસીબી પોલીસે આરોપીને ઉના પોલીસ સ્ટેશનમાં સોંપ્યો**

અમરેલી,તા.૦૬

ભાવનગર રેન્જ આઈ.જી.પી. ગૌતમ પરમારની સૂચના અને અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી.એ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને પકડવાની કાર્યવાહી શરૂ કરી છે.

એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી. એમ. કોલાદરાની ટીમને બાતમી મળતા, ગીર સોમનાથ જિલ્લાના ઉના પોલીસ સ્ટેશનના અપહરણ અને પોક્સો એક્ટ હેઠળના ગુના પોકસો એકટ કલમ ૧૮માં છેલ્લા પાંચ માસથી ફરાર આરોપી વિપુલ ઉર્ફે છોટીયો સોમાભાઈ જાદવ, ઉ.વ. ૨૩, રહે. ભાડા, તા. જાફરાબાદ, જિ. અમરેલીને પકડી પાડ્યો હતો. આરોપીને કાયદેસરની કાર્યવાહી માટે ઉના પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.



# સાવરકુંડલામાં ધૂળ અને બિસ્માર રોડના વિરોધમાં કોંગ્રેસનો હાઈવે પર ચક્કાજામ

અમરેલી,તા.૦૬

મહુવા-રાજુલા-ઉના-સાવરકુંડલા સ્ટેટ હાઈવેના નવીનીકરણના નામે ખોદી નાખવામાં આવેલા માર્ગને કારણે ઉડતી ધૂળ અને ટ્રાફિક સમસ્યાથી ત્રસ્ત નાગરિકોના સમર્થનમાં સાવરકુંડલા કોંગ્રેસ દ્વારા શુક્રવારે ઉગ્ર આંદોલન કરવામાં આવ્યું હતું.

કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ મહુવા રોડ પર આવેલા મુખ્ય હાઈવે પર ચક્કાજામ કર્યો હતો, જેના પગલે રોડની બંને બાજુએ વાહનોની કિલોમીટર લાંબી કતારો લાગી ગઈ હતી. આ વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસ દ્વારા ધૂળથી પરેશાન રાહદારીઓ, દુકાનદારો અને વાહનચાલકોને રાહત આપવા માટે ૪,૫૦૦થી વધુ માસ્કનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના આગેવાનોએ મહુવા રોડની તમામ દુકાનોમાં રૂબરૂ જઈને દુકાનદારોને માસ્ક પહેરાવી ધૂળ સામે રક્ષણ મેળવવા અપીલ કરી હતી. આ તકે કોંગ્રેસના નેતાઓએ તંત્ર પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, રોડનું કામ ઝડપથી પૂરું નહીં થાય અને ધૂળની સમસ્યાનો ઉકેલ નહીં આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે.



તસવીર : સૌરભ દોશી

# અમરેલી ખાતે વિદ્યાસભા સંકુલ દ્વારા રક્તદાન શિબિર યોજાઈ




અમરેલી,તા.૦૬

અમરેલી વિદ્યાસભા સંકુલ સંચાલિત સ્કૂલ-કોલેજ વિભાગ દ્વારા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ્ય માનવસેવા અને સમાજ પ્રત્યેની જવાબદારીને બળ આપવાનો હતો. આ રક્તદાન શિબિર દરમિયાન સંકુલના સ્ટાફ સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# રાજુલાના ડુંગર ગામે હોમગાર્ડ યુનિટ દ્વારા સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી

રાજુલા, તા.૦૬

રાજુલા તાલુકાના ડુંગર ગામે હોમગાર્ડ યુનિટ દ્વારા હોમગાર્ડ સ્થાપના દિવસની ઉત્સાહ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ડુંગર હોમગાર્ડના જવાનોની આગેવાનીમાં ડુંગર કન્યાશાળા, કુમાર શાળા નંબર-૧ અને બાલવાટિકાના વિદ્યાર્થીઓને જોડીને વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ તથા આમંત્રિત મહેમાનોની વિશેષ હાજરી રહી હતી. અધિકારીઓ, વેપારીગણ તેમજ પત્રકાર મિત્રો પણ કાર્યક્રમને ગરિમામય બનાવતા જોડાયા હતા. સ્થાપના દિવસ નિમિત્તે બંને શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દોરડા ખેંચ જેવી રમતોનું આયોજન થયું હતું, જેમાં વિજેતા ટીમોને મોમેન્ટો પુરસ્કાર રૂપે આપવામાં આવ્યા હતા. ઉપરાંત હોમગાર્ડ જવાનો દ્વારા ટ્રેનિંગ દરમ્યાન મળતી પ્રાથમિક સારવાર, રોડ અકસ્માત સમયે શું કરવું, કોને અને ક્યા વિભાગને જાણ કરવી વગેરે મુદ્દાઓ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન સાથે માહિતીસભર રજૂઆત પણ કરવામાં આવી હતી.



તસવીર : ગોપાલ રાઠોડ

# ચલાલામાં ચોરીના આરોપીનું પોલીસે રિકન્સ્ટ્રક્શન કરાવ્યુ



અમરેલી,તા.૦૬

ધારી, ચલાલા અને બગસરા વિસ્તારમાં થયેલી ઘરફોડ ચોરી અને શટર તોડીને ચોરી કર્યાના આરોપી વિજય ઉર્ફ કાદર હિંમતભાઈ મકવાણાનું આજે સવારે ૧૨:૩૦ વાગ્યે ચલાલા પોલીસે રિકન્સ્ટ્રક્શન હાથ ધર્યું હતું.

PI ગલચરના માર્ગદર્શન હેઠળ, આરોપીએ ચોરીની ઘટના કઈ રીતે આચરી હતી તેનું રિકન્સ્ટ્રક્શન કરાવવામાં આવ્યું હતું.

# ગાધકડા ગામે આઈ શ્રી મોમાઈ આશ્રમ ખાતે શ્રીમદ ભાગવત કથાનું આયોજન

સાવરકુંડલા, તા.૦૬

સાવરકુંડલા તાલુકામાં આવેલ ગાધકડા ગામે આઈ શ્રી મોમાઈ આશ્રમ ખાતે આગામી તારીખ.૧૩-૧૨-૨૫ શનિવારના રોજથી તારીખ.૨૦-૧૨-૨૫ અમાસને શનિવાર સુધી શ્રીમદ ભાગવત કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. શ્રી મોમાઈ માતાજીનો ૨૫ મો પાટોત્સવ તેમજ પરમ પૂજ્ય પુંજાઆપાના ૮૦૬ વર્ષને અનુલક્ષીને આ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શાસ્ત્રી શ્રી નવનીત દાદા જાની (ગાધકડા વાળા) સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવશે. આ ભવ્ય શ્રીમદ ભાગવત કથામાં અનેકવિધ મહાનુભાવો ઉપસ્થિત રહેશે તેમજ સંતો મહંતો પણ પધરામણી કરશે. આ કથા દરમિયાન ગણેશગઢ, કલ્યાણપુર અને ગાધકડા ગામમાં તારીખ ૨૧-૧૨-૨૫ રવિવારના રોજ ત્રણે ગામ બપોરના પ્રસાદમાં ધુવાડાબંધ રાખેલ છે. તો દરેક ધર્મપ્રેમી જનતાને કથાનું રસપાન કરવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



# બગસરા ખાતે ગૌસેવકો દ્વારા પાંજરાપોળનો આજે પુનઃપ્રારંભ કરવામાં આવશે

બગસરા,તા.૦૬

બગસરામાં જૈન સમાજના સહયોગથી ઘણા વર્ષો પહેલા પાંજરાપોળ માટે જમીન અનામત રાખવામાં આવેલ હતી. બગસરાના ગૌસેવકો દ્વારા આ જમીન પર પાંજરાપોળનો પુનઃપ્રારંભ કરવામાં આવશે. વિગત અનુસાર બગસરા શહેરમાં છેલ્લા ઘણા સમયથી ગૌસેવકો દ્વારા બીમાર અને નિરાધાર ગૌવંશ માટે અનેક કાર્યો કરવામાં આવી રહ્યા છે. બગસરામાં જૈન સમાજ દ્વારા વર્ષો પૂર્વે પાંજરાપોળ માટે જમીન અનામત રાખી હતી. જેના પર ગૌસેવાની પ્રવૃત્તિ પહેલા કરવામાં આવતી હતી. ધીમે ધીમે જૈન સમાજની વસ્તી બગસરામાંથી ઓછી થતા આ કાર્ય થંભી ગયું હતું પરંતુ સ્વામિનારાયણ સંપ્રદાયના વક્તા વિવેક સ્વરૂપ સ્વામી પણ ગૌવંશને બચાવવા માટે કથા વાંચન કરી લોકોને પ્રેરણા આપી રહ્યા છે. આ તમામ પ્રયત્નોને કારણે ગૌસેવકોના સંકલ્પથી ૭ ડિસેમ્બરને રવિવારના રોજ પાંજરાપોળનો પુનઃપ્રારંભ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં બગસરા તથા આજુબાજુના વિસ્તારના અનેક મહાનુભાવો અને ગૌપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.


## જોઈએ છે

અમરેલી જીલ્લામાં એચ.આઈ.વી. ક્ષેત્રે કામ કરતી એ.ડી.એન.પી. + સંસ્થામાં "વિહાન ૨.૦ પ્રોજેકટ અંતર્ગત નીચે મુજબનો સ્ટાફ જોઈએ છીએ

| જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | પગાર ધોરણ |
|---|---|---|
| સી.એસ.સી. કો-ઓર્ડીનેટર-૧ | પોસ્ટ ગ્રેજ્યુએટ (**MSW, MA** વિથ સાઈકોલોજી) સાથે બે વર્ષનો સંબંધિત અનુભવ ધરાવતા અથવા ગ્રેજ્યુએટ સાથે ત્રણ વર્ષથી વધુનો અનુભવ ધરાવતા. (**HIV** પોજીટીવ લોકોને પ્રાથમિકતા આપવામાં આવશે) | ૧૫૦૦૦ + ૨૫૦૦ ટ્રાવેલિંગ |

નોંધ : સ્વખર્ચે ઈન્ટરવ્યુંહમાં ઉપસ્થિત રહેવું.
તારીખ : ૧૨-૧૨-૨૦૨૫
રજીસ્ટ્રેશન : સવારે ૧૦ કલાક થી ૧૧ કલાક.
સ્થળ : એ.ડી.એન.પી.+ વિહાન ૨.૦ પ્રોજેકટ, પરેશભાઈ આચાર્ય ઓફિસની ઉપર, સિવિલ હોસ્પિટલ ની બાજુમાં,અમરેલી
સંપર્ક સુત્ર : ૦૨૭૯૨-૨૩૨૪૩૧


# રાજુલાના ધુડીયા આગરિયા ગામે માતા-પિતાએ ઘરમાં ઘૂસી હુમલો કર્યો

રાજુલા, તા.૦૬

રાજુલા તાલુકાના ધુડીયા આગરિયા ગામે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની સામાન્ય બોલાચાલીએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું. જેમાં દીકરાનું ઉપરાણું લઈને તેના માતા-પિતાએ ફરિયાદીના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી હુમલો કરતાં મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો. આ અંગે વનીતાબેન દેવજીભાઈ ધાખડા (ઉ.વ.૩૦)એ ભગાભાઈ ડાયાભાઈ સોલંકી તથા દયાબેન ભગાભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.કે. વરૂ વધુ તપાસ કરી રહ્યા છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

ગં.સ્વ.જયાબેન ખોડાભાઈ ગરનારા( ઉ.વ.૮૬ )નું તા.૦૧/૧૨/૨૦૨૫ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે જગદીશભાઈ ખોડાભાઈ ગરનારા અને રાજુભાઈ ખોડાભાઈ ગરનારાના માતૃશ્રી થાય છે. સદગતનું બેસણુ તા.૦૭/૧૨/૨૦૨૫ને રવિવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે અમારા નિવાસસ્થાને હોથીભાઈની શેરી ગરનારાનું નાકુ સાવરકુંડલા ખાતે રાખેલ છે.



BLUE BUDDHA
END OF SEASON SALE
BUY 1@30% OFF
BUY 3@40% OFF
BUY 4@50% OFF
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.



શું તમને સાંભળવાની તકલીફ છે ?

- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે

સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય


કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363



GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો

ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો



ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


## જાહેર હરરાજી

### વાવડી પ્રાથમિક શાળા તા.બાબરા

જીલ્લા શિક્ષણ સમિતિ અમરેલી સંચાલીત વાવડી પ્રાથમિક શાળા તા.બાબરા જી.અમરેલીના સ્લેબ વાળા રૂમ ૪ (ચાર) નળીયાવાળા ૧ (એક) રૂમ કુલ - ૫ (પાંચ) રૂમ પાડી જગ્યા ચોખ્ખી કરી જમીન લેવલ કરી દેવાની શરતે જાહેર હરરાજી તા.૧૨/૧૨/૨૦૨૫ને શુક્રવારે સવારે ૧૧:૩૦ કલાકે શાળાના મેદાનમાં રાખેલ છે. તો રસ ધરાવતા વ્યક્તિઓએ હરરાજીમાં ભાગ લેવા જાહેર આમંત્રણ આપવામાં આવે છે. હરરાજીમાં ભાગ લેનારે રૂા.૩૦૦૦/- અંકે રૂપિયા ત્રણ હજાર પુરા ડીપોઝીટ જમા કરાવવાની રહેશે અને ડીપોઝીટ ભરેલ વ્યક્તિ જ હરરાજીમાં ભાગ લઈ શકશે. અન્ય બોલીઓ અને શરતો સ્થળ પર રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.

હરરાજી તારીખ : ૧૨/૧૨/૨૦૨૫ને શુક્રવાર
સમય : સવારે ૧૧:૩૦ કલાકે
સ્થળ : વાવડી પ્રાથમિક શાળાના મેદાનમાં, વાવડી, તા.બાબરા.

| આચાર્ય | શાળા વ્યવસ્થાપન સમિતિ |
|---|---|
| વાવડી પ્રાથમીક શાળા | વાવડી પ્રાથમિક શાળા |
| વાવડી, તા.બાબરા. જી.અમરેલી. | વાવડી, તા.બાબરા. જી.અમરેલી. |

## જાહેર હરરાજી

### શેડુભાર પ્રાથમિક શાળા તા.જી.અમરેલી

જીલ્લા શિક્ષણ સમિતિ અમરેલી સંચાલીત શેડુભાર પ્રાથમિક શાળા તા.જી.અમરેલીના નળીયાવાળા રૂમ ૪ (ચાર), સ્લેબવાળા ૩ (ત્રણ) રૂમ કુલ - ૭ (સાત) રૂમ પાડી જગ્યા ચોખ્ખી કરી જમીન લેવલ કરી દેવાની શરતે જાહેર હરરાજી તા.૧૭/૧૨/૨૦૨૫ને બુધવારે સવારે ૧૨:૩૦ કલાકે શાળાના મેદાનમાં રાખેલ છે. તો રસ ધરાવતા વ્યક્તિઓએ હરરાજીમાં ભાગ લેવા જાહેર આમંત્રણ આપવામાં આવે છે. હરરાજીમાં ભાગ લેનારે રૂા.૫૦૦૦/- અંકે રૂપિયા પાંચ હજાર પુરા ડીપોઝીટ જમા કરાવવાની રહેશે અને ડીપોઝીટ ભરેલ વ્યક્તિ જ હરરાજીમાં ભાગ લઈ શકશે. અન્ય બોલીઓ અને શરતો સ્થળ પર રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.

હરરાજી તારીખ : ૧૭/૧૨/૨૦૨૫ને બુધવાર
સમય : સવારે ૧૨:૩૦ કલાકે
સ્થળ : શેડુભાર પ્રાથમિક શાળાના મેદાનમાં, શેડુભાર, તા.જી.અમરેલી

| આચાર્ય | શાળા વ્યવસ્થાપન સમિતિ |
|---|---|
| શેડુભાર પ્રાથમિક શાળા | શેડુભાર પ્રાથમિક શાળા |
| શેડુભાર, તા.જી.અમરેલી. | શેડુભાર, તા.જી.અમરેલી. |

## તાલુકાએકઝીક્યુટીવમેજીસ્ટ્રેટ-રાજુલાનીકોર્ટમાંમુ.રાજુલા

જન્મ/મરણ અરજી નંબર. ૩૭૮/૨૦૨૪

અરજદારશ્રી :- શ્રી સવજીભાઈ નાનજીભાઈ મકવાણા
સરનામું :- રહે.કોટડી, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટર અને તલાટી કમ મંત્રીશ્રી - કોટડી તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના કોટડી ગામના શ્રી સવજીભાઈ નાનજીભાઈ મકવાણા એ તેમના પિતા સ્વ.શ્રી નાનજીભાઈ વશરામભાઈનું મરણ તા.૧૨/૧૧/૧૯૮૨ ના રોજ કોટડી મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી નરશીભાઈ વી. બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૨૫ માહે. ૦૯ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૧૧/૦૯/૨૦૨૫

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

# સૌરાષ્ટ્ર ઝોન અં-૧૭ રસ્સાખેંચ (ભાઈઓ) સ્પર્ધામાં ચિત્તલ સ્વામિનારાયણ ગુરૂકુળ ટીમ ચેમ્પિયન

અમરેલી,તા.૦૬

જામનગર ખાતે આયોજિત ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત યોજાયેલી સૌરાષ્ટ્ર ઝોન અંડર–૧૭ રસ્સાખેંચ (ભાઈઓ) સ્પર્ધામાં અમરેલી જિલ્લાની ટીમે શાનદાર પ્રદર્શન કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ વિજયમાં અમરેલી જિલ્લાના ચિતલ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુળના ૬ ખેલાડીઓનું યોગદાન વિશેષ નોંધનીય રહ્યું છે.



આ વિજેતા ખેલાડીઓમાં કર્મ નાકરાણી, બોરીચા કરણ, વાળા વિશ્વરાજ, ડેર જસ્મીત, પરમાર આદિત્ય અને સાવલિયા તીર્થનો સમાવેશ થાય છે. વિજેતા ખેલાડીઓએ મેદાન પર ઉત્તમ જિગર, શક્તિ, એકતા તથા રમતની ભાવનાનું પ્રદર્શન કરી અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધિ બદલ સ્વામિનારાયણ ગુરુકુળ, ચિતલ પરિવાર, કોચ તેમજ માર્ગદર્શકો દ્વારા તમામ વિજેતા ખેલાડીઓને હૃદયપૂર્વક અભિનંદન પાઠવી ભાવિ ક્રીડાજીવન માટે શુભેચ્છાઓ આપવામાં આવી છે.

# બગસરાના માવજીંજવા ગામે યુવતીને ભગાડી જવાની જૂની અદાવતમાં યુવક પર છરી વડે જીવલેણ હુમલો

બગસરા, તા.૦૬

બગસરાના માવજીંજવા ગામે ડમરાળા રોડ પર યુવતીને ભગાડી જવાની જૂની અદાવતમાં બે શખ્સોએ ફરિયાદીના ભાઈ પર જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી હતી. આરોપીઓએ યુવકને છરી અને લોખંડના પંચ વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે હાલ સુરતમાં રહેતા મૂળ માવજીંજવા ગામના હરેશકુમાર બાલુગીરી ગૌસ્વામી (ઉ.વ.૩૮) એ તેના જ ગામના કુલદીપભાઈ જયસુખભાઈ ગોસાઈ તથા સંજયભાઈ શેલપરી ગોસાઈ સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ, આ ઘટના આજથી આશરે ત્રણ મહિના પહેલા બનેલા એક બનાવ સાથે સંબંધિત છે. કુલદીપભાઈ ગોસાઈ ફરિયાદીના કૌટુંબિક ભાણેજ હીરલબેન ભરતભાઈ ગોસાઈને ભગાડી ગયો હતો. જોકે, ત્યારબાદ પરિવારે હીરલબેનને સમજાવીને ઘરે પાછી લઈ આવ્યા હતા. આ બાબતનું મનદુઃખ રાખી આરોપીઓ અવારનવાર બોલાચાલી કરતા હતા. બે દિવસ પહેલા તેમના ભાઈ સુરેશભાઈ માવજીંજવા ગામે ડમરાળા રોડ પર ઘર પાસે આવેલા હનુમાનજીના મંદિર પાસે બેઠા હતા. આ દરમિયાન, બંને આરોપી ત્યાં આવ્યા હતા અને જેમ ફાવે તેમ ગાળો બોલવાનું શરૂ કર્યું હતું. કુલદીપભાઈ ગોસાઈએ ઉશ્કેરાઈને સુરેશભાઈની જમણી આંખ પાસે છરીનો ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. જ્યારે સંજયભાઈ ગોસાઈએ લોખંડનો પંચ પહેરીને સુરેશભાઈને જમણા પડખે અને વાંસાના ભાગે માર મારી ઈજા કરી હતી. આ ઉપરાંત, બંને આરોપીઓએ ભેગા મળીને સુરેશભાઈને ઢીકાપાટુનો મુંઢમાર મારી ઈજા પહોંચાડી હતી અને તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# ધારીમાં ઝેરી જંતુ કરડવાથી આધેડનું સારવારમાં મોતઃ અપમૃત્યુના વધુ બે બનાવ

ધારી, તા.૬

ધારીમાં રહેતા રફીકભાઈ સાબદાદભાઈ બ્લોચ (ઉ.વ.૪૦)એ જાહેર કર્યા મુજબ, યુનુસભાઈ સાબદાદભાઈ બ્લોચ (ઉ.વ.૫૩)ને કોઈ ઝેરી જંતુ કરડી જવાથી સારવાર અર્થે ખસેડ્યા હતા. જ્યાં તેમનું સારવારમાં મોત થયું હતું. મોરબીમાં રહેતા મનસુખભાઈ રૂગનાથભાઈ લાઠીયા (ઉ.વ.૬૦) એ હાલ ખાંભામાં રહેતા સ્નેહાબેન ઠાકોરભાઈ ભીલ (ઉ.વ.૩૦)ને માથાના દુઃખાવા(માઈગ્રેન)ની તકલીફ રહેતી હતી. જેની અલગ અલગ ડોકટર પાસેથી દવા ચાલુ હોવા છતાં કોઈ ફેર પડતો ન હોવાથી કંટાળી જઈ ઉંદર મારવાની ઝેરી દવા પી' લીધી હતી. જેથી સારવારમાં ખસેડ્યા હતા. આ દરમિયાન તેમનું મોત થયું હતું.

# વડીયાના સનાળા ગામે અંગત અદાવતમાં યુવક પર હુમલો, બે મોટરસાયકલોને રૂ. ૨૦,૦૦૦નું નુકસાન!

વડીયા, તા.૦૬

વડીયા તાલુકાના સનાળા ગામે જૂની અંગત અદાવતના કારણે એક શખ્સે ફરિયાદી અને સાક્ષી પર હુમલો કરી, તેમની મોટરસાયકલોને નુકસાન પહોંચાડ્યું હોવાનો બનાવ સામે આવ્યો હતો. આરોપીએ ફરિયાદીને લોખંડના પાઈપ વડે માર માર્યો હતો અને બંનેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઉદયભાઈ જીતુભાઈ વાળા (ઉ.વ.૧૮) એ બાબાભાઈ મેરાભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ સનાળા ગામે આરોપીના બગીચા પાસે આવેલ અવેડા પાસે તેઓ પોતાની મોટરસાયકલ (રજી. નં. GJ-૧૧-AE-૩૦૦૩) લઈને ઊભા હતા. આરોપીને તેમની સાથે કોઈ પ્રકારનો વ્યવહાર ન હોવા છતાં બગીચા પાસે ઊભું રહેવું ન ગમતાં આરોપીએ આ કૃત્ય કર્યું હતું. ગુસ્સે ભરાયેલા આરોપીએ પોતાની ફોરવ્હીલ (રજી. નં. GJ-૦૧-KN-૨૩૦૦) ફરિયાદીની મોટરસાયકલ સાથે અડાડી દીધી હતી, જેનાથી તેમની શારીરિક સલામતી જોખમમાં મુકાઈ હતી. તેઓ મોટરસાયકલ પરથી નીચે ઊતરતા જ આરોપી પણ ફોરવ્હીલમાંથી નીચે ઊતર્યો હતો અને ફરિયાદીને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. ઉપરાંત બંને પગે લોખંડના પાઈપ વડે માર મારી મુંઢ ઈજા પહોંચાડી હતી. તેમજ જમણા હાથની આંગળી પર પણ સામાન્ય ઈજા પહોંચાડી હતી. આ કૃત્યમાં ફરિયાદી અને સાહેદ બંનેના મોટરસાયકલને આશરે રૂ. ૨૦,૦૦૦/- નું નુકસાન થયું હતું. અંતે, આરોપીએ બંનેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે વડીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.ટી. બળસટીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં યુવતીને ભગાડી જવાના મુદ્દે ધબધબાટી, એક યુવક ગંભીર

અમરેલી,તા.૦૬

અમરેલી શહેરના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં મોડી રાત્રે યુવતીને ભગાડી જવાના મુદ્દે થયેલા હુમલામાં એક યુવક ગંભીર રીતે ઘાયલ થયો છે. તેને વધુ સારવાર માટે તાત્કાલિક રાજકોટ ખસેડવામાં આવ્યો છે. આ ઘટના અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં હત્યાના પ્રયાસનો ગુનો નોંધવામાં આવ્યો છે. મધ્યપ્રદેશના ધાર જિલ્લાના રહેવાસી રાજુભાઈ કૈલાશભાઈ ભાભરે આરોપી સંતોષ ભાયદીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, પાડોશમાં રહેતા વ્યક્તિની પુત્રીને ભગાડી જવાના મામલે આરોપી સંતોષે ફરિયાદી રાજુભાઈ અને તેમના ભાઈ ટીકુ કૈલાશભાઈ ભાભર સાથે ઝઘડો કર્યો હતો. ઝઘડા દરમિયાન સંતોષે ઉશ્કેરાઈને બંને પર હુમલો કર્યો, જેમાં ટીકુ ભાભરને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. પોલીસે ગુનો નોંધી આરોપી સંતોષ ભાયદીયાની ધરપકડ માટે તપાસ શરૂ કરી છે.

# ઘરેણું છોડાવવાના બહાને અમરેલીમાં વૃદ્ધ સાથે રૂ. ૨.૮૫ લાખની છેતરપિંડી!

અમરેલી, તા.૦૬

અમરેલીમાં એક વિચિત્ર પ્રકારની છેતરપિંડીની ઘટના સામે આવી છે, જેમાં એક શખ્સે ફરિયાદીને વિશ્વાસમાં લઈને બેંકમાં મૂકેલું ઘરેણું છોડાવવાના બહાને કુલ રૂ. ૨,૮૫,૦૦૦ ની રકમ પડાવી લીધી હતી અને બાદમાં એક્ટિવા લઈને ફરાર થઈ ગયો હતો.

રાજકોટમાં રહેતા અને સોનીકામ કરતા પિયુષભાઈ જમનાદાસ જગડા (ઉ.વ.૪૪) એ અમરેલીમાં રહેતા હિમાંશુભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ બેંકમાં મૂકેલા ઘરેણાં છોડાવવા અને ખરીદવાનું કામ કરે છે. આરોપીએ આ વાતનો લાભ લઈને તેમનો સંપર્ક કર્યો હતો. આરોપીએ તેમને જણાવ્યું હતું કે તે પોતાનું ઘરેણું "POONAWALLA FINCORP" બેંકમાંથી છોડાવવા માંગે છે અને આ માટે મદદની જરૂર છે. આ બહાને, આરોપીએ તેમને અમરેલી ખાતે બોલાવ્યા હતા. અમરેલી પહોંચ્યા બાદ, આરોપીએ તેમની પાસેથી કુલ રૂ. ૨,૩૦,૦૦૦ ની રકમ પોતાના બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી હતી. આ ઉપરાંત, તેણે રોકડા રૂ. ૫૫,૦૦૦ પણ પોતાના ખાતામાં જમા કરાવ્યા હતા. આમ, કુલ રૂ. ૨,૮૫,૦૦૦ ની રકમ તેણે ફરિયાદી પાસેથી મેળવી લીધી હતી. ફરિયાદીને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. આ બાબતે પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# અમરેલી શહેરમાં યુવતીનો હાથ ખેંચી કપડા ફાડી નાખી ઢીકાપાટુ માર્યા

અમરેલી, તા.૦૬

અમરેલી શહેરમાં એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો હતો. યુવતીનો હાથ ખેંચી કપડા ફાડી ઢીકાપાટુ માર્યા હતા. આ અંગે બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. કૈશરબેન અજીતભાઈ કુરેશી (ઉં.વ.૩૦)એ સોહિલભાઈ નજીરભાઈ પરમાર, ગુલ્લામહુસેન ઉર્ફે ગુલ્લો નજીરભાઈ પરમાર, ઘુઘો પરમાર તથા રમીઝ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીઓએ તેમને ગાળો આપી હતી. તથા ફરી.નો હાથ પકડી ખેંચી, ફરી.ના કપડા ફાડી નાખી ઢીકાપાટુનો માર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઉપરાંત તેમના માતાના ઘર પાસે જઈ ગાળો આપી હતી. જે બાદ કરીશ્માબેન ગુલામહુશૈન પરમાર (ઉ.વ.૨૭)એ કૌશરબેન કુરેશી, શાહિદ કુરેશી, નવશાદ કુરેશી, નવશાદ કુરેશીના પત્ની કરીશ્માબેન નવશાદભાઈ કુરેશી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ તથા સાહેદ પોતાના ઘર તરફ જતા હોય તે દરમ્યાન આરોપીએ આવી તેમની છેડતી કરી કપડા ફાડી નાખ્યા હતા. તેમજ પેટમાં મુંઢમાર માર્યો હતો અને આ બાબતે ફરિયાદ કરશે તો તેમના ઘરના તમામ સભ્યોને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.એસ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૫૦ | ૧૫૫૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૬ |
| ઘઉં ટુકડા | ૫૦૪ | ૬૩૪ |
| જુવાર સફેદ | ૭૩૦ | ૯૦૦ |
| બાજરી | ૩૦૦ | ૩૭૦ |
| તુવેર | ૮૫૦ | ૧૨૮૯ |
| ચણા પીળા | ૯૭૦ | ૧૦૭૫ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૧૮૨૫ |
| અડદ | ૯૨૫ | ૧૪૮૧ |
| મગ | ૧૨૦૦ | ૧૭૫૦ |
| વાલ દેશી | ૫૦૦ | ૮૫૫ |
| ચોળી | ૮૦૦ | ૧૦૫૫ |
| મઠ | ૯૦૦ | ૧૬૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૨૧૨૪ |
| કળથી | ૪૫૦ | ૫૭૫ |
| રાજમા | ૯૦૦ | ૧૫૦૦ |
| મગફળી જાડી | ૧૦૨૫ | ૧૪૦૦ |
| મગફળી જીણી | ૧૦૧૧ | ૧૩૮૫ |
| તલી | ૧૮૨૧ | ૨૨૫૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૪૪ |
| અજમો | ૧૪૦૦ | ૧૯૭૦ |
| સુવા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૮૩૦ | ૯૩૧ |
| સીંગફાડા | ૯૭૫ | ૧૫૪૦ |
| કાળા તલ | ૩૭૧૦ | ૫૨૦૦ |
| લસણ | ૬૮૫ | ૧૦૫૦ |
| ધાણા | ૧૪૨૦ | ૧૯૩૪ |
| મરચા સુકા | ૧૪૦૦ | ૩૧૦૦ |
| ધાણી | ૧૪૫૦ | ૧૯૫૦ |
| વરીયાળી | ૭૦૦ | ૧૩૩૦ |
| જીરૂ | ૩૫૨૫ | ૩૯૪૪ |
| રાય | ૧૪૨૫ | ૧૭૯૫ |
| મેથી | ૯૦૦ | ૧૪૭૬ |
| ઇસબગુલ | ૧૪૦૦ | ૨૩૪૦ |

| | | |
|---|---|---|
| કલોંજી | ૪૫૦૦ | ૪૫૦૦ |
| રાયડો | ૧૧૭૫ | ૧૩૫૧ |
| ગુવારનું બી | ૮૦૦ | ૯૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૨૧ | ૫૦૭ |
| પપૈયા | ૬૪ | ૮૯ |
| બટેટા | ૧૫૫ | ૪૦૩ |
| ડુંગળી સુકી | ૪૫ | ૧૭૫ |
| ટમેટા | ૪૮૦ | ૭૦૪ |
| સુરણ | ૬૧૧ | ૮૧૯ |
| કોથમરી | ૧૫૩ | ૨૫૬ |
| મુળા | ૨૫૭ | ૩૬૪ |
| રીંગણા | ૬૮૨ | ૧૦૮૯ |
| કોબીજ | ૧૪૧ | ૨૬૪ |
| ફ્લાવર | ૪૯૧ | ૭૦૬ |
| ભીંડો | ૮૦૩ | ૧૨૧૪ |
| ગુવાર | ૧૧૯૦ | ૨૦૧૪ |
| ચોળાસીંગ | ૬૧૩ | ૧૦૧૫ |
| વાલોળ | ૭૦૪ | ૧૨૧૬ |
| ટીંડોરા | ૪૦૭ | ૮૧૭ |
| દુધી | ૧૮૧ | ૩૦૯ |
| કારેલા | ૪૧૧ | ૬૧૯ |
| સરગવો | ૧૧૯૪ | ૨૦૨૫ |
| તુરીયા | ૮૮૩ | ૧૪૧૭ |
| પરવર | ૯૯૧ | ૧૪૨૬ |
| કાકડી | ૨૮૨ | ૯૧૩ |
| ગાજર | ૩૦૬ | ૫૪૨ |
| વટાણા | ૧૧૯૧ | ૧૪૨૧ |
| તુવેરસીંગ | ૪૯૬ | ૭૧૬ |
| ગલકા | ૩૧૧ | ૬૨૧ |
| બીટ | ૨૨૩ | ૩૮૬ |
| મેથી | ૫૯૩ | ૮૦૪ |
| વાલ | ૭૯૯ | ૧૦૧૯ |
| ડુંગળી લીલી | ૨૮૨ | ૪૧૭ |
| આદુ | ૯૮૬ | ૧૨૨૭ |

| | | |
|---|---|---|
| ચણા લીલા | ૮૫ | ૪૬૫ |
| મરચા લીલા | ૨૨૪ | ૯૧૭ |
| હળદર લીલી | ૪૦૭ | ૫૧૯ |
| લસણ લીલું | ૫૯૬ | ૧૪૧૧ |
| મકાઇ લીલી | ૨૧૧ | ૩૮૬ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૫૩૨ |
| ઘઉં ટુકડા | ૫૦૨ | ૫૭૬ |
| સિંગદાણા જાડા | ૯૬૧ | ૧૫૦૧ |
| સિંગ ફાડીયા | ૭૧૧ | ૧૪૦૧ |
| એરંડા / એરંડી | ૧૦૨૧ | ૧૩૭૧ |
| જીરૂ | ૨૮૫૧ | ૪૦૪૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૯૪૧ |
| લસણ સુકું | ૪૦૧ | ૯૫૧ |
| ડુંગળી લાલ | ૬૬ | ૨૮૬ |
| અડદ | ૮૫૧ | ૧૨૬૧ |
| તુવેર | ૯૬૧ | ૧૨૧૧ |
| મેથી | ૪૫૧ | ૧૦૦૦ |
| સુવાદાણા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| કાંગ | ૪૫૦ | ૫૮૧ |
| સુરજમુખી | ૧૦૭૬ | ૧૦૭૬ |
| ગુવાર બી | ૬૪૧ | ૮૪૧ |
| સફેદ ચણા | ૯૫૧ | ૧૮૯૧ |
| તલ - તલી | ૧૦૫૧ | ૨૨૦૧ |
| ધાણી | ૧૩૫૦ | ૧૯૯૧ |
| ડુંગળી સફેદ | ૭૦ | ૨૯૧ |
| બાજરો | ૩૬૧ | ૪૯૧ |
| મકાઇ | ૩૧૧ | ૪૦૧ |
| મગ | ૯૦૦ | ૧૫૮૧ |
| ચણા | ૬૫૧ | ૧૧૦૧ |
| વાલ | ૫૦૧ | ૧૦૧૧ |
| ચોળા / ચોળી | ૭૦૧ | ૧૧૦૧ |
| સોયાબીન | ૬૫૧ | ૮૯૬ |
| ગોગળી | ૮૩૧ | ૧૨૭૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |

| | | |
|---|---|---|
| ટમેટા | ૧૮૦ | ૮૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૨૦૦ |
| કોબી | ૬૦ | ૩૦૦ |
| દુધી | ૧૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૫૦૦ |
| કાકડી | ૨૦૦ | ૯૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૧૪૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૨૦૦ | ૮૦૦ |
| ગાજર | ૨૦૦ | ૮૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૯૦૦ |
| તુવેર | ૨૦૦ | ૮૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૬૦૦ |
| વટાણા | ૮૦૦ | ૧૪૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૭૦૦ |
| કેરી કાચી | ૮૦૦ | ૧૬૦૦ |
| બટેટા | ૨૫૦ | ૪૦૦ |
| અંબાળા | ૪૦૦ | ૫૦૦ |
| લીલી હળદર | ૨૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી પુરા | ૨ | ૭ |
| તાંજરીયા પુરા | ૪ | ૮ |
| કોથમીર પુરા | ૧ | ૪ |
| મૂળા પુરા | ૪ | ૧૦ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| પચકારુ | ૩૦૦ | ૪૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૬૦૦ |
| લીંબુ | ૧૬૦ | ૫૦૦ |
| મેથી પુરા | ૩ | ૮ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |

| | | |
|---|---|---|
| આદુ | ૪૦૦ | ૧૪૦૦ |
| ફણશી | ૧૪૦૦ | ૧૮૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૫૦૦ |
| લસણ પુરા | ૩ | ૭ |
| પાલક પુરા | ૧ | ૭ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૦૦ | ૧૩૨૫ |
| શિંગ ૬૬ નં | ૯૮૨ | ૧૧૫૫ |
| ગીરનાર શિંગ | ૧૦૧૦ | ૧૩૩૫ |
| શિંગ મોટી | ૭૦૦ | ૧૩૬૦ |
| શીંગ દાણા | ૧૦૦૫ | ૧૨૫૧ |
| શીંગ દાણા ફાડા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૪૧૦ | ૨૨૨૩ |
| તલ કાળા | ૩૦૦૦ | ૫૪૭૧ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૫૬ |
| ઘઉં લોકવન | ૪૯૧ | ૫૩૬ |
| અડદ | ૭૩૦ | ૧૦૩૫ |
| ચણા | ૭૦૦ | ૧૧૦૦ |
| સફેદ ચણા | ૯૬૫ | ૯૮૮ |
| છોલે ચણા | ૧૭૧૫ | ૧૭૧૫ |
| કપાસ | ૯૩૦ | ૧૫૫૮ |
| એરંડા | ૧૦૯૦ | ૧૩૦૯ |
| જીરૂ | ૩૫૬૦ | ૩૮૪૦ |
| ધાણા | ૧૭૫૫ | ૧૮૪૫ |
| મેથી | ૧૦૬૫ | ૧૧૦૧ |
| સોયાબીન | ૭૬૦ | ૮૭૦ |
| મરચાં લાલ | ૯૨૦ | ૨૯૩૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૨૯૦ | ૧૬૦૫ |
| કપાસ મીડીયમ | ૧૦૦૦ | ૧૨૮૦ |
| મગફળી | ૧૦૧૨ | ૧૩૨૮ |
| તલ સફેદ | ૧૬૭૦ | ૨૦૪૦ |
| જીરૂ | ૩૧૮૦ | ૩૯૪૦ |
| ઘઉં | ૪૭૫ | ૫૫૫ |
| ચણા | ૧૦૦૨ | ૧૦૬૮ |

| | | |
|---|---|---|
| અડદ | ૯૩૫ | ૧૨૨૫ |
| સોયાબીન | ૮૦૮ | ૮૫૨ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૧૦ | ૧૨૧૦ |
| કપાસ | ૯૦૦ | ૧૫૦૧ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૧૫૦ |
| બાજરો | ૨૦૦ | ૪૬૮ |
| ઘઉં ટુકડા | ૪૮૬ | ૫૧૮ |
| જુવાર | ૬૦૬ | ૧૦૩૨ |
| મગ | ૮૦૮ | ૨૯૭૬ |
| ચણા | ૭૭૧ | ૯૩૨ |
| સોયાબીન | ૬૦૦ | ૮૩૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૨૯૧ |
| શીંગ મોટી | ૧૦૨૧ | ૧૩૫૧ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૨૯૦ |
| તલ કાળા | ૪૫૫૦ | ૫૧૫૧ |
| જીરૂ | ૩૬૦૦ | ૪૦૦૧ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૬૦ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૭૫ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૨ |
| બાજરો | ૪૦૦ | ૪૬૧ |
| અડદ | ૮૦૦ | ૯૫૨ |
| ચણા | ૯૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૮૫૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૮૪ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૨૮ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૩૪ |
| અડદ | ૮૦૦ | ૧૧૨૫ |
| ચણા | ૭૦૦ | ૧૦૩૪ |
| ધાણા | ૧૬૦૦ | ૧૭૫૧ |
| મગ | ૧૦૦૦ | ૧૪૫૦ |
| મકાઇ | ૪૧૦ | ૪૧૦ |

| | | |
|---|---|---|
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૨૦ |
| સોયાબીન | ૫૪૦ | ૮૮૦ |
| લસણ | ૨૦૦ | ૨૪૦ |
| મગફળી | ૫૦૦ | ૧૦૦૫ |
| મેથી | ૮૬૦ | ૧૦૧૫ |
| શીંગફાડા | ૧૦૫૦ | ૧૨૪૫ |
| તલકાળા | ૧૫૦૫ | ૧૫૦૫ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૦૪૬ | ૧૫૨૦ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૨૩૧ | ૧૪૨૫ |
| કપાસ કોડી | ૧૧૦૦ | ૧૧૮૬ |
| મગફળી | ૭૦૦ | ૧૨૨૦ |
| ઘઉં | ૪૮૦ | ૫૪૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૩૨ |
| ધાણા | ૧૦૭૦ | ૧૫૪૦ |
| અડદ | ૭૦૦ | ૧૧૫૦ |
| શીંગ દાણા | ૧૦૨૫ | ૧૩૨૫ |
| તલ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૪૦૧ | ૧૬૨૬ |
| કપાસ કોડી | ૧૦૮૫ | ૧૩૯૦ |
| મગફળી | ૧૦૨૩ | ૧૨૩૬ |
| સોયાબીન | ૮૩૧ | ૮૩૧ |
| ઘઉં | ૫૫૨ | ૫૭૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૫૦ | ૧૬૦૨ |
| ઘઉં | ૪૫૦ | ૫૨૨ |
| ચણા | ૮૦૦ | ૧૦૭૦ |
| અડદ | ૮૨૦ | ૧૩૦૦ |
| મગફળી | ૮૦૦ | ૧૨૧૦ |
| શીંગ દાણા | ૧૧૫૦ | ૧૩૦૦ |
| શિંગફાડા | ૧૦૫૦ | ૧૨૮૦ |
| તલ સફેદ | ૧૦૯૦ | ૧૯૨૦ |
| ધાણા | ૧૧૨૦ | ૧૮૯૦ |

| | | |
|---|---|---|
| લસણ | ૨૮૦ | ૫૫૦ |
| સોયાબીન | ૬૫૨ | ૯૦૨ |
| **કોડીનાર** | | |
| કપાસ ડોળાસા | ૧૦૦૦ | ૧૪૫૦ |
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૪૦૨ |
| મગફળી ૩૨ | ૯૧૧ | ૧૨૪૦ |
| બાજરો | ૩૩૦ | ૫૩૫ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૫૦ |
| જુવાર | ૭૫૦ | ૯૨૨ |
| અડદ | ૭૦૦ | ૧૪૩૫ |
| ચણા | ૮૫૦ | ૧૧૧૫ |
| તલ | ૧૪૭૦ | ૨૦૦૫ |
| કાળા તલ | ૩૩૫૦ | ૪૭૫૦ |
| સોયબીન | ૭૦૦ | ૯૦૫ |
| કાંગ | ૪૦૦ | ૪૯૨ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૯૦૦ | ૧૨૮૦ |
| શીંગ ૩૯ | ૮૭૪ | ૧૧૯૧ |
| શીંગ ગીરનારી | ૯૦૮ | ૧૩૫૦ |
| શીંગ જી-૨૦ | ૯૦૯ | ૧૨૮૧ |
| જુવાર | ૩૭૦ | ૮૭૬ |
| બાજરી | ૩૬૯ | ૬૪૯ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૧૩ |
| અડદ | ૪૯૮ | ૧૫૩૦ |
| સોયાબીન | ૮૫૦ | ૮૯૬ |
| ચણા | ૯૬૦ | ૧૧૭૫ |
| તલ સફેદ | ૧૫૫૧ | ૨૨૬૬ |
| તલ કાળા | ૪૭૪૮ | ૪૭૪૮ |
| તુવેર | ૮૦૦ | ૮૦૦ |
| જીરૂ | ૩૬૩૦ | ૩૬૩૦ |
| ડુંગળી લાલ | ૬૮ | ૨૫૨ |
| ડુંગળી સફેદ | ૧૫૦ | ૨૪૨ |
| ડુંગળી સફેદ એ. | ૨૫૧ | ૯૦૬ |
| કપાસ શંકર | ૭૭૦ | ૧૫૦૦ |
| નાળીયેર | ૬૦૬ | ૨૦૪૫ |

# મૈથિલી ઠાકુર, તાકાઈચી અને ઉમેમુરા કેમ ફેમિનિસ્ટોની ઉપેક્ષાનો ભોગ બન્યાં છે?



**પોતાની આવડત અને પ્રતિભાથી સારા કંઠ સાથે લોકપ્રિય ભજનિક બનેલી મૈથિલી માત્ર ૨૫ વર્ષે દેશની સૌથી યુવાન ધારાસભ્ય બની છે. ગત ઓક્ટોબરમાં જાપાનનાં પ્રથમ મહિલા વડાપ્રધાન બનેલા સાનાએ તાકાઈચી ડ્રમર અને બાઇક રાઇડર પણ છે. તો જાપાનનાં મહિલા સાંસદ મિઝોહુ ઉમેમુરા તેજતર્રાર અને તેજાબી બોલનારા સ્પષ્ટ વક્તા છે. પરંતુ આ ત્રણેય ફેમિનિસ્ટોની દષ્ટિમાં સફળ નથી? ફેમિનિસ્ટો કેમ તેમના અંગે મૌન છે?**

**વિચાર વલોણું**



જયવંત પંડ્યા

સામાન્ય રીતે કોઈ મહિલા સ્વબળે આગળ આવે તો તેની કથા સમાચાર પત્રના શ્વેત પત્ર પર અશ્વેત અક્ષરે રંગીન ચિત્ર સાથે અંકિત થતી હોય છે અને ઍન્કરો પણ ભાવવાહી સ્વરે તેની કથા બતાવતા હોય છે. ભલું હોય તો કોઈ નિર્દેશક ફિલ્મ બનાવવાની ઘોષણા પણ કરી દે. ભારતમાં છેલ્લાં ઘણાં વર્ષોથી આવું ચાલતું આવ્યું છે. સન્ની લિયોનીને પણ મહિલા સ્વતંત્રતાની પ્રતિમા અહીં બનાવી દેવાઈ છે. એકતા કપૂરને તો ટેલિવૂડની રાણીનો દરજ્જો મળી ચૂક્યો છે.

વિદેશમાં ગ્રેટા થનબર્ગ જેવી કોઈ ફેક એન્વાયરનમેન્ટલિસ્ટ થોડી ચમકે કે પછી મલાલા યુસૂફઝાઈનો અંગ્રેજીમાં લેખ મળી જાય તો તેના અનુવાદો કરી-કરીને ભારતીય મીડિયામાં પ્રશસ્તિગાન થતાં હોય છે. ડાકુ રાણી ફૂલનદેવી પર પણ શેખર કપૂર જેવા દિગ્ગજ નિર્દેશકે તેના પ્રત્યે સહાનુભૂતિ જાગે તેવી ફિલ્મ બનાવી હતી.

પરંતુ આ વિશાળ સમુદાય ત્રણ નારીઓની ચર્ચા કરતો નથી. તે છે- દેશની સૌથી યુવાન ધારાસભ્ય મૈથિલી ઠાકુર, જાપાનનાં પ્રથમ મહિલા વડાપ્રધાન સાનાએ તાકાઈચી, જાપાની સંસદની આરોગ્ય, શ્રમ અને કલ્યાણ સમિતિના તેજતર્રાર મહિલા સાંસદ મિઝોહુ ઉમેમુરા. આ ત્રણની ચર્ચા એટલા માટે નથી કારણ કે જે બોલકો સમુદાય ફેમિનિઝમ, નારી સ્વતંત્રતા, મહિલા મુક્તિ, પિતૃસત્તાક જેવા ભારે ભરખમ શબ્દો દ્વારા નારી-નારી, મહિલા-મહિલા જપ્યા રાખે છે તેની મર્યાદિત દૃષ્ટિ છે.

આ લોકો એને જ સફળ સ્ત્રી માને છે જે સ્ત્રી ઉન્મુક્ત જ હોવી જોઈએ. સ્ત્રી પશ્ચિમી પ્રકારનાં કપડાં પહેરતી હોવી જોઈએ. સ્ત્રીને પુરુષો તરફથી સંઘર્ષનો સામનો કરવો પડ્યો હોવો જોઈએ, વિશેષતઃ મુસ્લિમેત્તર સમુદાય. (મુસ્લિમ સમુદાય હોય તો તે સ્ત્રી વિશે ચૂપ રહેવાનું. દા.ત. પોતાના અધિકાર માટે લગભગ પહેલો ન્યાયાલય કેસ લડનાર શાહબાનો.) સ્ત્રીના વિચારો પુરુષવિરોધી, પરિવારવિરોધી હોવા જોઈએ અને તે લગ્નવિરોધી પણ હોવી જોઈએ. તે સેક્સ અંગે મુક્ત વિચારો ધરાવતી હોવી જોઈએ. તે દારૂ-સિગરેટ પીતી હોવી જોઈએ. જો આ મર્યાદાની અંદર કોઈ સફળ સ્ત્રી ન આવતી હોય તો તેનો જયજયકાર નહીં કરવાનો.

એટલે જ મૈથિલી ઠાકુર, સાનાએ તકાઈચી અને મિઝોહુ ઉમેમુરાની કોઈ ચર્ચા નથી. મૈથિલી ઠાકુરની પુરુષવિરોધી કોઈ સંઘર્ષ ગાથા નથી. તેને ક્યાંયથી અસ્વીકાર મળ્યો નથી. વળી તે કથિત નિમ્ન જાતિ કે વર્ગમાંથી પણ આવતી નથી. તે ખૂબ નાની વયથી સફળ થઈ ગઈ છે. પરંતુ તેની સફળતા પશ્ચિમી રૉક મ્યૂઝિક, જાઝ કે પછી ગોવા પ્રકારના સંગીતમાં નથી. તેની સફળતા ભજનો થકી છે. ભજનો એટલે હિન્દુ દેવી-દેવતાની ભક્તિમાં ગવાતાં લોકહૃદયમાંથી જન્મેલા ગીતો. મૈથિલી માત્ર મૈથિલી કે હિન્દીમાં જ ભજનો નથી ગાતી, તે મરાઠી, ગુજરાતી ભજનો પણ ગાય છે. સૉશિયલ મીડિયા પર ખૂબ લોકપ્રિય છે. તે બૂમબરાડા પાડીને બોલતી નથી. ગમે-તેમ બોલીને વિવાદો સર્જતી નથી. એટલે કંગના રનૌતની જેમ તેને નેગેટિવ ન્યૂઝમાં પણ રાખી શકાય તેમ નથી.

તેણે આ ભજનોને નવું જીવન આપ્યું છે, નવી લોકપ્રિયતા આપી છે. તેણે મધુબાની કળાને ઉન્નત સ્થાન અપાવ્યું છે. તેણે તેના પરિવારને સફળતા અપાવી છે. તેના ભાઈઓ પણ તબલા અને ઢોલકમાં તેને સાથ આપે છે. મૈથિલી ઠાકુરને ભાજપે અલીનગરમાંથી ટિકિટ આપી, જેનું નામ હવે સીતાનગર છે. મૈથિલીનું નામ તેના પરિવારે સીતાજીના નામ પરથી પાડ્યું છે અને મૈથિલી ભાષા પણ છે. બિહારનો મિથિલાંચલ પ્રદેશ સીતાજીની જન્મભૂમિનો પ્રદેશ છે અને બિહારના ચૂંટણી પ્રચારના તબક્કામાં ગુજરાતના ગાંધીનગરમાંથી કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ઘોષણા કરી હતી કે મિથિલામાં સીતાજીનું ભવ્ય મંદિર ટૂંક જ સમયમાં બનશે.

અલીનગરમાં બ્રાહ્મણ મતદારોની સંખ્યા ૧૫થી ૨૦ ટકા જેટલી છે પરંતુ મુસ્લિમ મતદારોની સંખ્યા ૨૧.૨ ટકા છે. ૨૦૧૦માં આ બેઠક અસ્તિત્વમાં આવી તે પછી ૨૦૧૦ અને ૨૦૧૫માં રાષ્ટ્રીય જનતા દળ (એટલે કે લાલુ પ્રસાદ યાદવનો પક્ષ)ના મુસ્લિમ અભ્યર્થી અબ્દુલ બારી સિદ્દિકીનો વિજય થયો હતો. સિદ્દિકી અગાઉ પાંચ વાર વિજયી રહી ચૂક્યા હતા. ૨૦૨૦માં વિકાસશીલ ઈન્સાન પાર્ટી (વીઆઈપી)ના મિશ્રી લાલ યાદવનો વિજય થયો હતો. એટલે કે અહીં મુસ્લિમ અથવા યાદવ અભ્યર્થી જ જીતતા હતા, તેમાં મૈથિલી જીતી અને તે પણ નાના તફાવતથી નહીં, અગિયાર હજાર સાતસો મતના તફાવતથી !

મૈથિલી ઠાકુર પાછી જાતિએ બ્રાહ્મણ છે. ફેમિનિસ્ટોની સફળ નારીની વ્યાખ્યાના માપદંડોમાં મૈથિલી કોઈ રીતે ફિટ બેસતી નથી. ન તો મૈથિલી ટૂંકા વસ્ત્રો પહેરે છે, ન તો હિન્દુ ધર્મની વિરુદ્ધ બોલે છે, ન તો તે હિન્દુ તહેવારોની ઉજવણીનો વિરોધ ઉર્દૂવુડિયા કલાકારોની જેમ કરે છે, ન તો તે કૉન્વેન્ટિયું ચાંપલું અંગ્રેજી બોલે છે, ન તો તેણે આ ઈકૉ સિસ્ટમના પ્રભાવમાં આવીને કે ડરીને (જેમ સુશાંતસિહ રાજપૂતે તેની અટકનો ત્યાગ કર્યો હતો, જેમ કનૈયાલાલ, ઓમપ્રકાશ જેવા કલાકારોએ પોતાની અટકનો ત્યાગ કર્યો હતો) પોતાની અટક ત્યજી છે. આ બધા સમીકરણોના લીધે મહિલાવાદીઓ મૈથિલી ઠાકુર બાબતે ચૂપ છે. તેમને થાય છે કે જેન ઝી (એટલે યુવાનો જ, પરંતુ પશ્ચિમી મીડિયા દર વખતે નવા શબ્દો લઈને આવે એટલે પછી એ જ શબ્દપ્રયોગ આપણું મીડિયા કરવા લાગે.) ની લોકપ્રિય પ્રતિનિધિ તરીકે તો મૈથિલીએ પિતૃસત્તાક સમાજ સામે આક્રોશ જગાવવો જોઈએ તેના બદલે તે સંસ્કૃતિ જગાવી રહી છે, તો મૂકો તેને તડકે. એટલે જ આ ઉર્દૂવુડિયાઓએ મૈથિલીની આટલી લોકપ્રિયતા છતાં તેની પાસે 'ઔરોં મેં કહાં દમ થા' જેવી એક ફિલ્મના એક ગીતને બાદ કરતાં ગવડાવ્યું નથી.

આ જ રીતે જાપાનના નવા મહિલા વડાપ્રધાન સાનાએ તાકાઈચીની વાહવાહી પણ આ વર્ગ કરતો નથી. બાકી, તાકાઈચી તો તેમના કેટલાંક સમીકરણોમાં ફિટ બેસે તેમ છે. દા.ત. તાકાઈચી તો ટૉપ-સ્કર્ટ અને બ્લેઝર પણ પહેરે છે અને યુવાવસ્થામાં તેઓ હૅવી મેટલ ડ્રમર પણ હતા. તેઓ મૉટરબાઈક પણ ચલાવતા હતા. નારીવાદીઓની વ્યાખ્યામાં બીજી એ રીતે પણ સાનાએ તાકાઈચી ફિટ બેસે છે કે તેઓ ટોક્યોની કેઈઓ અને વાસેદા યુનિ.માં ભણવા માટે પાત્રતા ધરાવતા હોવા છતાં તેમના પિતાએ તેમને ત્યાં ભણવા જવા દીધા નહોતા કારણ કે તે છોકરી હતા અને જો તે ઘર છોડે કે ખાનગી વિશ્વ વિદ્યાલયમાં ભણવા જાય તો પોતે તેની ફી ચૂકવવા ના પાડી હતી. આથી સાનાએ તાકાઈચીએ કોબે યુનિ. પસંદ કરી. તેના માટે તેમને પોતાના ઘરેથી રોજ છ કલાકની મુસાફરી કરવી પડતી હતી. તેઓ પાર્ટટાઈમ કામ પણ કરતા હતા. તેમણે બીબીએ કર્યું. તે પછી તેમણે અમેરિકામાં ડેમોક્રેટિક (જે લેફ્ટ-લિબરલ ગણાય છે)નાં નેત્રી પેટ શ્રોએડર સાથે કામ કર્યું.

ઈ.સ. ૧૯૮૯માં અમેરિકાથી પરત આવ્યા બાદ તેમણે જાપાનમાં અમેરિકી રાજકારણની સમજ સાથે સંસદીય બાબતોના વિશ્લેષક તરીકે કામ કર્યું. પુસ્તકો લખ્યા. બે ટીવી ચેનલ માટે પ્રેઝન્ટરનું કામ કર્યું.

રાજકારણમાં પણ તેમની યાત્રા સરળ નહોતી. જાપાનમાં મહિલા રાજકારણીઓને બહુ પ્રોત્સાહન અપાતું નથી. તે રીતે નારીવાદીઓની વ્યાખ્યામાં જાપાન ફિટ બેસે છે કે જાપાન પિતૃસત્તાક સમાજ છે. આથી તાકાઈચીએ અપક્ષ અભ્યર્થી તરીકે ઈ.સ. ૧૯૯૨માં મહાનગરપાલિકાની ચૂંટણી લડી. હારી ગયા, પણ સાહસવૃત્તિમાં ન હાર્યા. તે પછીના વર્ષે તેઓ સંસદમાં અપક્ષ સાંસદ તરીકે જીતીને પ્રવેશ્યા. તે પછી તેઓ 'લિબરલ્સ' પક્ષમાં જોડાયા જે પછી ન્યૂ ફ્રન્ટિયર પાર્ટીમાં ભળી ગયો. ઈ.સ. ૧૯૯૬માં આ પક્ષમાંથી તેઓ ફરીથી ચૂંટણી લડ્યા અને જીત્યા. પરંતુ થોડા જ સમયમાં તેઓ વિરોધી એલડીપી પક્ષમાં જોડાઈ ગયા.

એલડીપીમાં તેમણે સડસડાટ પ્રગતિ કરી. તેઓ સંસદીય સમિતિના અધ્યક્ષા બન્યા. શિન્ઝો આબે, ફ્યુમિઓ કિશિદા અને શિગેરુ ઈશીબાની સરકારમાં પ્રધાન પણ બન્યા. ઈનોવેશન, આંતરિક બાબતો, સંચાર, આર્થિક સુરક્ષા જેવા મહત્ત્વના ખાતા સંભાળ્યા.

પ્રશ્ન છે કે તો પછી ભારતના નારીવાદીઓ કેમ સાનાએ તાકાઈચી અંગે ચૂપ છે? સંભવિત કારણો. ભારતનો મોટા ભાગનો બુદ્ધુજીવી વર્ગ પશ્ચિમને જ આદર્શ માને છે. પૂર્વ તરફ જોતો પણ નથી. ત્યાંનું મીડિયા જે કહે, ત્યાંની ફિલ્મો જે કહે તે જ માનવાનું. તેની જ વાહવાહ કરવાની. બીજું કારણ, સાનાએ તાકાઈચીના વિચારો. ભલે સાનાએ તાકાઈચી બળુકાં હોય, ભલે તેમણે ડ્રમ વગાડ્યું હોય ને બાઈક ચલાવી હોય, પરંતુ તેઓ સજાતીય લગ્નોના વિરોધી છે.

તેઓ માને છે કે જાપાનના ઈતિહાસનું પુનર્લેખન થવું જોઈએ. યુદ્ધ અપરાધો માટે જાપાન દ્વારા મગાયેલી ક્ષમા સામે તેમણે પ્રશ્નો ઉઠાવ્યા છે. જાપાનના યુદ્ધ અપરાધીઓનું સન્માન કરતા યાસુકુની પંથસ્થળની તેઓ નીડર થઈને મુલાકાત લે છે. તેને માટે તેમનો વિરોધ થાય છે તો પણ તેઓ ડગતા નથી. તેઓ રાષ્ટ્રવાદી છે. તેઓ જાપાનના સૈન્યને મજબૂત કરવાનો આશય ધરાવે છે. તેઓ માને છે કે પતિ-પત્નીની અલગ-અલગ અટક ન હોવી જોઈએ. ભારતની જેમ જાપાનમાં પત્ની બે અટક રાખી શકતી નથી. પરંપરા પ્રમાણે પતિની અટક જ અપનાવાય છે. ડૉનાલ્ડ ટ્રમ્પ, નરેન્દ્ર મોદી, જિયૉર્જિયા મેલોની જેમ તેઓ પણ ઘૂસણખોર વિરોધી છે. હવે સમજાયું કે કેમ ભારતના નારીવાદીઓ સાનાએ તાકાઈચીની વાહવાહ નથી કરતા?

અને જાપાનનાં મહિલા સાંસદ મિઝોહુ ઉમેમુરાની તો ન જ કરે તે સમજી શકાય તેમ છે કારણકે તેમણે ગત ૨૭ નવેમ્બરે સંસદની આરોગ્ય, શ્રમ અને કલ્યાણ સમિતિમાં મુસ્લિમોને વધુ એક પણ કબ્રસ્તાન આપવાનો વિરોધ કર્યો. ખૂબ લોકપ્રિય બનેલા આ ભાષણમાં તેમણે સ્પષ્ટ કહ્યું કે જાપાનમાં શબને અગ્નિદાહ આપવાની પરંપરા છે તે માત્ર પરંપરા કે સંસ્કૃતિ નથી, તેની પાછળ વિજ્ઞાન છે. અને તેને કોઈ વિદેશીઓની માગણીના કારણે બદલી ન શકાય.

તેમણે કહ્યું કે જાપાનમાં અવારનવાર ભૂકંપ આવે છે. તે જ્વાળામુખી પર બેઠેલો દેશ છે. અહીં સુનામી આવે છે. તેની મોટા ભાગની જનસંખ્યા દરિયા કાંઠાનાં નગરોમાં વસેલી છે. આથી અગ્નિદાહ એ માત્ર સંસ્કૃતિ કે પરંપરા નથી, તે વૈજ્ઞાનિક આવશ્યકતા છે. તેમણે કહ્યું કે આંગતુકોને ખુશ કરવા માટે જાપાનની ઓળખને બદલી શકાય નહીં. સુરક્ષા અને ભૂમિના પ્રબંધન માટે પણ અગ્નિદાહ આવશ્યક છે. તેમણે કહ્યું કે સરકાર કે સરકારી અધિકારીઓ વિદેશીઓની મઝહબી માગણીઓ કરતાં જાપાનના સ્થાનિક લોકોની માગણીઓને પ્રાથમિકતા આપે.

શબ્દ ચોર્યા વગર તેમણે કહ્યું કે જાપાનમાં રહેતા મુસ્લિમો કાં તો અગ્નિદાહથી અંતિમ સંસ્કાર કરે અથવા તો તેમના સ્વજનોના મૃતદેહને તેમના દેશમાં પાછો મોકલી ત્યાં દફનાવે. અમેરિકા અને યુરોપના મુસ્લિમો આવું કરે જ છે. જાણીને નવાઈ લાગશે કે અમેરિકાના ન્યૂ યૉર્કમાં (વર્ષ ૨૦૨૨ની સ્થિતિએ) એક પણ ખાસ કબ્રસ્તાન મુસ્લિમો માટે નથી જ્યાં મુસ્લિમોને જ દફનાવાતા હોય. (મુસ્લિમ તરફી વેબસાઈટ અલ જઝીરા આ વાત કહે છે.) વળી, ત્યાં મુસ્લિમને દફનાવવાનો ખર્ચો ૬,૦૦૦ ડૉલરથી માંડીને ૫૦,૦૦૦ ડૉલર સુધીનો આવે છે. તેથી ત્યાંના ઘણા મુસ્લિમો તેમના સ્વજનોના મૃતદેહ પોતપોતાના દેશ મોકલી આપી ત્યાં દફનવિધિ કરાવે છે. આની સામે માત્ર અમદાવાદમાં મુસ્લિમ તો છોડો, (૨૦૨૧ની સ્થિતિએ) સુન્ની મુસ્લિમોનાં, રિપીટ, ખાલી સુન્ની મુસ્લિમોનાં ૧૮ કબ્રસ્તાન છે ! તેમાંથી ત્રણ તો મોટા છે જેમાં ૧૫,૦૦૦ કબરની ક્ષમતા છે. તોય સેક્યુલર વેબસાઈટ 'ધ વાયર'એ ૨૦૨૧માં લખ્યું હતું કે મુસ્લિમો માટે કબ્રસ્તાનની સમસ્યા છે.

મિઝોહુ ઉમેમુરાએ આ કહ્યું તેમાં સ્થાનિકોની લાગણીનો પડઘો છે કારણકે સ્થાનિકોએ અગાઉ જડબેસલાક વિરોધ એક સ્વરે કરતા કબ્રસ્તાન બનાવવાનો પ્રસ્તાવ મિયાગીના રાજ્યપાલ યોશીહીરો મુરાઈએ પડતો મૂકવો પડ્યો હતો. મેયરોએ પણ એક થઈને આ પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો.

સ્વાભાવિક છે કે મૈથિલી ઠાકુર, સાનાએ તાકાઈચીની જેમ મિઝોહુ ઉમેમુરા ભારતના નારીવાદીઓને ન જ પસંદ પડે. ■

jaywant.pandya@gmail.com

# વિપક્ષ - શીખવા માટે અગિયાર વર્ષનો અનુભવ પુરતો છે

**રાજકીય રસધાર**



પ્રવીણ માધાણી

ભારતીય રાજકારણમાં વિપક્ષનો એક ગરવો ઈતિહાસ રહેલો છે. સેંકડો પ્રતિભાઓ વિપક્ષને ગરિમા અપાવી ગઈ છે. એવી પ્રતિભાઓ કે જેણે પ્રજાહિત મુદ્દે સરકારને ઝુકાવી છે. સંસદની અંદર અને બહાર બંને બાજુ સરકારે દરકાર રાખવી પડે એવા વિપક્ષનો લાંબો ઈતિહાસ રહેલો છે. એ વિપક્ષ પ્રજાના પ્રશ્ને, પ્રજાની પીડાએ શેરીઓમાં ઉતરતો અને સરકાર પાસેથી પરિણામો મેળવતો હતો. સરકાર દ્વારા લેવામાં આવતા નિર્ણયો, ઘડવામાં આવતી નીતિઓ લાંબાગાળે પ્રજાજીવન પર શું અસર આપશે, એ બાબતે વિપક્ષ જો અભ્યાસુ હોય તો આ નિર્ણય નીતિ નિર્ધારણમાં પણ સહયોગી હકારાત્મક ભૂમિકા ભજવી શકે છે. જેમ વાંચવું એ લેખકનો ધર્મ છે, ન્યાય એ ન્યાયાધીશનો ધર્મ છે, તટસ્થ આકલન પત્રકારનો ધર્મ છે, નીતિ એ વેપારીનો ધર્મ છે એમ પ્રજાહિત એ વિપક્ષનો ધર્મ છે. સરકાર અને પ્રજાની વચ્ચેનો એક અદ્રશ્ય સેતુ જે સરકારને પ્રજાહિત વિરુદ્ધના નિર્ણય લેતા અટકાવે છે. સરકારને સત્તામાંથી ઉતારી મુકવી કે સરકારનો વિરોધ કરીને સત્તામાં આવવું માત્ર વિપક્ષનો એજન્ડા ન હોઈ શકે. આજે ભારતના વિપક્ષના ઈતિહાસને યાદ કરવો પડે તેનું ખાસ કારણ આજના વિપક્ષની દયનીય સ્થિતિ છે.

ઈતિહાસને બે સંદર્ભે યાદ કરવો પડે છે, એક તો જો ઈતિહાસ ભવ્ય હોય અને આજની સ્થિતિ સાપેક્ષે ખરાબ હોય તો અને બીજું કે ભૂતકાળ ખરાબ હોય અને આજની સ્થિતિ સાપેક્ષે સારી હોય. આજે વિપક્ષને પહેલા સંદર્ભમાં યાદ કરવો પડે છે. ભૂતપૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ એક વખત વિપક્ષમાં બેઠેલા અટલ બિહારી વાજપેયી વિશે કહ્યું હતું કે અટલ એકદિન તુમ ભારત કે પ્રધાનમંત્રી બનોગે. આવો તાકાતવર વિપક્ષ રહ્યો છે કે જેનું ભવિષ્ય ખુદ સત્તાધારી પક્ષનું સર્વોચ્ચ આસન ભાખી દે છે. આજના વિપક્ષની સ્થિતિ એવી છે કે લગભગ લગભગ રાજકીય વિશ્લેષકો, આમ જનતાનો મોટો તબક્કો એવું કહી રહ્યા છે કે પચીસ ત્રીસ વર્ષ વિપક્ષને સત્તામાં આવવાના કોઈ ચાન્સ નથી. રાષ્ટ્રીય અને સ્થાનિક એમ બંને સ્તરે મુખ્ય વિપક્ષી પક્ષ સતત ચૂંટણીઓ હારી રહ્યો છે. દેશની જનતાનો મોટો વર્ગ માને છે કે વિપક્ષ પ્રજાહિતના મુદ્દાઓ ઉઠાવવામાં સરેઆમ નિષ્ફળ રહ્યો છે. જે મુદ્દાઓ ઉઠાવવામાં આવી રહ્યા છે એ કાં તો સાબિત નથી થઈ રહ્યા કાં તો પ્રજાનું સમર્થન નથી મેળવી શકતા. બંને સ્થિતિમાં વિપક્ષની સ્થિતિ કોઈ દ્રષ્ટિકોણથી મજબૂત થતી દેખાઈ રહી નથી. સંસદ પરિસરમાં કૂતરું લઈ આવવા બાબતે અને વિપક્ષના સિનિયર નેતા દ્વારા પત્રકારો દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના ઉત્તરમાં ભોં ભોં કહીને જવાબ વાળવાની બાબત તૂલ પકડી જવી દર્શાવે છે કે ચર્ચવામાં આવે એવા ગંભીર મુદ્દાઓની સદંતર અછત છે.

લોકશાહીમાં ચૂંટણી હારવી એક બાબત છે અને સતત હારતા રહેવા છતાં એ બાબતનું જ્ઞાન ન થવું કે એ દિશામાં સુધાર ન થવો અલગ બાબત છે. કોઈ કે કોઈ મોરચે વિપક્ષ દેશના કોઈપણ ખૂણે પોતાના મુદ્દાઓનું વાજબીપણું સાબિત નથી કરી રહ્યો. ટૂંકાગાળાના અને લાંબાગાળાના એમ બંને મુદ્દાઓ ઉઠાવવામાં અભ્યાસ અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણનો અભાવ સ્પષ્ટ દેખાઈ આવે છે. ચંદ પ્રવક્તાઓ, પારિવારિક સિમ્બોલ અને પાળેલા પત્રકારોના મિથ્યા અપપ્રચારથી બહોળું જનસમર્થન પ્રાપ્ત થતું નથી એ ભાજપના અગિયાર વર્ષના શાસન દરમિયાન સતત સાબિત થતું રહ્યું છે. કોંગ્રેસ નહેરુએ કહેલી વાત જ ભૂલી ગઈ. નહેરુએ કહેલું કે જો પ્રદેશ જીતવાની સાથે પ્રજાને જીતી રાખો તો વારેવારે પ્રદેશ જીતવા જવું પડતું નથી. અંગ્રેજોએ ક્યારેય એક વખત જીતેલો પ્રદેશ ગુમાવ્યો નહોતો. કારણ કે અંગ્રેજોએ જીતેલા પ્રદેશમાં સુશાસન અને વ્યવસ્થા સ્થાપ્યા હતા. પ્રજાને જુલ્મી શાસકોના જુલમથી મુક્તિ અપાવી હતી.

ઘણા એવા મુદ્દાઓ હોય છે કે જેમાં વિપક્ષ સરકારને સમર્થન કરે તો પણ તેનો જનાધાર મજબૂત થઈ શકે છે. પણ દુર્ભાગ્યે વિપક્ષ એ તક પણ સતત ચૂકી જઈ રહ્યો છે. જે મુદ્દે તદ્દન સ્પષ્ટ દેખાઈ રહ્યું હોય છે કે સરકાર અને આખા દેશનો મૂડ એક દિશામાં જઈ રહ્યો છે, ત્યાં પણ અલગ ચાલીને ખોટા કુતર્ક ચલાવીને પ્રજાના મોટા સમૂહની ખફગી વહોરી લે છે. વારેવારે સેલ્ફ ગોલ કરીને બેકફૂટ પર આવી જતો વિપક્ષ છેલ્લા અગિયાર વર્ષમાં સરકારને ક્યાંયે ભીંસમાં લઈ શક્યો નથી, ઉલટું ઘણા કેસમાં એ બચાવની કક્ષામાં આવી ગયો છે.

નબળો વિપક્ષ તંદુરસ્ત લોકશાહીનું લક્ષણ નથી. સામાન્ય રીતે વિપક્ષનું નબળું હોવું સાપેક્ષ દ્રષ્ટીએ ક્યાયે દેખાઈ આવતું નથી. પણ સપાટીની નીચે તેની અસરો જરૂર રહેતી હોય છે. જો સત્તાપક્ષ દેશહિતને વરેલો ન હોય તો તેના નિર્ણયોમાં વિપક્ષની ગેરહાજરી વર્તાઈ આવે છે. સત્તાપક્ષને જન સમર્થન મળેલ છે, એ નિર્ણયો કરવા, નીતિઓ ઘડવા હકદાર છે, કોઈ સત્તાપક્ષ વિપક્ષને જરૂરથી વધુ જગ્યા ન આપે એ સ્વાભાવિક છે. વિપક્ષે જગ્યા બનાવવી પડે છે. સત્તાની સામે જગ્યા બનાવવી અઘરી છે, એમાં પણ જયારે સત્તા સારું પરફોર્મન્સ આપી રહી હોય. આવા કિસ્સાઓમાં સરકારની ભૂલો બહાર લાવવી મુશ્કેલ બની જાય છે. આજના સિનારિયોમાં સરકાર પાસે વિપક્ષનો મુકાબલો કરવા માટે પોતાના સારા પરફોર્મન્સ ઉપરાંત આજના વિપક્ષની દશકા પહેલાની સરકારની ભૂલો હાથવગા હથિયાર છે. દુર્ભાગ્યે વિપક્ષ સત્તાના અગિયાર વર્ષના શાસન દરમિયાન આવા કોઈ હથિયાર શોધી મેળવી શક્યો નથી.

છેલ્લા અગિયાર વર્ષ પહેલા કોંગ્રેસ પક્ષ પાસે વિપક્ષ તરીકે બેસવાનો કોઈ બહોળો અનુભવ નથી. પણ, શીખવા માટે અગિયાર વર્ષનો અનુભવ ઓછો પણ નથી.

ક્વિક નોટ -- ભારતની પ્રજા અશિક્ષિત હશે પણ અજ્ઞાની નથી અને લોકશાહીમાં સિંહાસન પર બેસવું એ ડિવાઈન રાઈટ નથી.—જવાહરલાલ નહેરુ

■

production@infiniumpharmachem.com

# મનની મરજીથી જીવવા શું કરવું જોઈએ ?

**હાસ્યાય નમઃ**



ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧) ગ્રહો નડે તા તેના નગની વીટી બનાવીએ પણ જો પડોશી નડતો હોય તો?
રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)
નવી સોસાયટી બનાવો જેમાં તમે એકલા જ રહેતા હો.

(૨) સાસુ વહુ પાસે કામ કરાવવાની આશા કેમ રાખતી હશે?
કટારીયા આશા હિમ્મતભાઈ (કીડી)
સસરો વાસણ વિછળતો હોય એ સાસુથી જોવાતું ન હોય એટલે!

(૩) જવાબ ન આવડે એ પ્રશ્ન માટે હમણાંથી મારો કેમ સંપર્ક નથી કરતા?
સરદારખાન મલેક (મહેસાણા)
તમે તમારું સહાયક લેખક તરીકે નામ રિન્યુ નથી કરાવ્યું એટલે.

(૪) ગયા રવિવારે તમારી કોલમ વાંચીને તમને અમે એક કલાક યાદ કર્યા હતા, બોલો!
રામભાઈ પટેલ (સુરત)
ખોટી વાત. ગયા રવિવારે મને અર્ધી કલાક જ હેડકી આવી હતી.

(૫) હોંશિયાર કોને કહેવાય?
દર્શન પટેલ (વડોદરા)
મને ક્યો તમતમારે.. મને કોઈ વાંધો નથી.

(૬) 'ફુલ તુમ્હે ભેજા હૈ ખત મેં' પણ ટપાલ મળે ત્યાં ફુલ કરમાઈ ન જાય?
રમાબેન પટેલ (અમદાવાદ)
સ્પીડપોસ્ટમાં મોકલો.

(૭) ગાડી વગર લાડી લાવવી હોય તો?
જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)
ઘર પાસે એરોપ્લેન પડ્યું હોય એવા ફોટા સ્ટેટ્સમાં રાખો.

(૮)સ્વેટર અને ગરમ ટોપી કબાટમાંથી ક્યારના કાઢી લીધા છે. ટાઢ ક્યારથી પડવાની છે ?
કનુભાઈ પરમાર (દામનગર)
ટાઢ તો પડે જ છે. તમારા સ્વેટર અને ટોપી એવા(ભંગાર) છે કે એને જોઈને ટાઢ ગભરાઈને ભાગી જાય છે.

(૯) તમને ગુસ્સો આવીને કેટલીવારમાં શાંત થઈ જાય?
શંભુ ખાંટ અનિકેત (પાટ્યો અરવલ્લી)
આવ્યા પહેલા જ.

(૧૦) વેલણનો ઉપયોગ કઈ કઈ જગ્યાએ થાય..?
ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)
પહેલો ઉપયોગ રોટલી બનાવવા.. બીજા ઉપયોગનો તો બધાને અનુભવ છે જ એટલે વર્ણન નથી કરતો!

(૧૧) મનની મરજીથી જીવવા શું કરવું જોઈએ?
ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)
મને નહી મનને પૂછો.

(૧૨) સાહેબ..! કબડ્ડીની રમતમાં પગની ખેંચાખેંચી કેમ કરે છે?
ધોરાજીયા ચંદ્રકાન્ત એન. (સાજણટીંબા)
ઓહો એવું છે? મને એમ કે પગે લાગવા માટે પગ પકડતા હશે!

(૧૩) પ્રશ્ન કોને કહેવાય?
ગીરીશ મકવાણા (કોડીનાર)
એ જ મોટો પ્રશ્ન છે!

(૧૪) મને એવું સપનું આવ્યું કે નળમાંથી પાણીના બદલે દૂધ આવવા માંડ્યું. આમ કેમ થયું હશે?
ઉન્નતિ મહેતા (રાજકોટ)
પાઈપલાઈનમાં ભેંસ ફસાઈ ગઈ હશે.

(૧૫) હું કલમ પકડું તો હાથ આખેઆખો બળે છે તો શું કરવું?
જય દવે (ભાવનગર)
કલમ મૂકીને મલમ પકડો. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# પ્રિયજન વિનાનો શિયાળો વિયોગની આગ બની જાય છે



સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

આખરે હવે ક્રમશઃ શીતકાળની જમાવટ થવા લાગી છે. એનાથી રાત્રિના રૂપ બદલાઈ ગયા છે. આપણો શિયાળાનો અનુભવ, પશ્ચિમના દેશોની તુલનામાં બહુ આછો અને ઓછો છે. છતાં જરાક શિયાળો એના અસલ સ્વરૂપમાં પ્રગટ થાય કે તરત જ સમાજજીવનમાં સનસનાટી મચાવતી શીતકથાઓ અને વાર્તાલાપો શરૂ થઈ જાય... આજે તો બહુ ઠંડી છે નંઈ...? વહેલી સવારના અખબારમાં ઠંડી વધુ હોવાના સમાચાર વાંચીને કેટલાક વાંચકોને ઠંડી હોય એથીય અધિક અનુભવવા મળે ! પશ્ચિમના દેશોમાં સમર મહેમાન જેવી મોસમ છે પરંતુ વિન્ટર તો છે, છે અને છે. યુરોપ અને અમેરિકાના દેશોમાં ઠંડી જ સર્વકાલીન છે. તડકો નીકળે એ એમને માટે ગોલ્ડન ડે હોય. આપણો દેશ તો ઋતુઓના વૈવિધ્યથી ભરપૂર છે.

આપણે ત્યાં શિયાળો ઉત્તર ભારતમાં એના પૂર્ણ રૂપે અવતરે છે. પરંતુ એ સિવાયના ભારતને શિયાળાનો જે અનુભવ છે તે હળવો છે. હિમાલયની ગિરિમાળાઓની તળેટીમાં આવેલા પ્રદેશો નિરંતર શીતકાળનો અનુભવ કરે છે, કારણ કે હિમાલય દુનિયાનો ત્રીજો ધ્રુવ પ્રદેશ છે. શિયાળામાં સૌને ઓછુંવત્તુ એકાંત મળે છે. આ એકાંત મહત્અંશે સ્વજનોના સહવાસની ઝંખનાવાળું હોય છે. નાના હોઈએ ત્યારે મા શિયાળામાં આપણને બહુ સાચવતી હોય એટલે શિયાળો આવે ત્યારે મા યાદ આવ્યા વગર ન રહે. વારંવાર ઓઢાડતી હોય પોઢાડતી હોય. બાળપણના મોટાભાગના સ્મરણો ચોમાસાથી ભીંજાયેલા હોય છે, પરંતુ એના પછી તરત જ શિયાળાના સ્મરણો મનની સપાટી પર તરી આવે છે.

શિયાળામાં વિરહની આગ વધુ પ્રજ્વલિત હોય છે. આ સંસારમાં અનેક પ્રકારના વિયોગ છે. માતા-પિતા હયાત હોય તો પણ એનાથી દૂર રહેવાનો ઘરઝૂરાપો સંતાનોને લાગે છે. જેઓને જિંદગીમાં વિધવા કે વિધુર થવાનું આવે એમના માટે સ્વજનના મૃત્યુ પછીનો પહેલો શિયાળો બહુ આકરો હોય છે. સમય પણ ઠંડીમાં જાણે કે થીજી જાય છે. હિમશીલાઓ વચ્ચે અસ્તિત્વ ઊભે-ઉભું ચણાઈ જાય છે. યુરોપિયન દેશો શીતાગાર જેવા છે. શિયાળાનો એમનો અનુભવ જીવનના એક અવરોધક પરિબળ તરીકે છે. આપણે ત્યાં વસંતઋતુ પૂરબહારમાં ખીલેલી હોય છે અને પ્રમાણમાં લાંબી ચાલે છે એટલે વાસંતી ગીતોનો મોટો ફાળો આવેલો છે પરંતુ યુરોપિયન દેશોમાં અવારનવાર વિન્ટર સોંગ સાંભળવા મળે છે. ત્યાં વિન્ટર સોંગના અનેક રંગો છે. પરંતુ એમાં મુખ્ય સ્વર કરૂણ છે.

શિયાળો અંતર પાડી દે છે. રસ્તાઓ પર બરફ પથરાઈ જાય છે. એ બરફ ક્યારેક સંબંધો પર પણ ફરી વળે છે. પ્રિયતમા એના પ્રિયતમને બારી પાસે ઊભા રહીને સાદ કરે છે અને કહે છે કે હે પ્રિય, તું મારા બાહુપાશમાં નથી એ જ બતાવે છે કે ખરેખર શીતકાળ બહુ કાતિલ હોય છે. તારી પાંપણો પર એટલો બરફ જામી ગયો છે કે તું મારી પાસે આવવાના રસ્તાનેય નિરખી શકતો નથી ? શું તારા હૃદય પર પણ બરફ છે જે એક સમયે મારે માટે ધબકતું હતું ? કેટલોક બરફ એકવાર થર બાઝે પછી ક્યારેય પીગળતો નથી. શિયાળો જ્યારે બે વ્યક્તિની વચ્ચે પ્રવેશે છે ત્યારે એ દીવાલ જેવો હોય છે. આ અર્થમાં ઠંડક બહુ સ્વીકારવા જેવી વસ્તુ નથી. સંસારનું અને સંબંધોનું ચાલકબળ ઉષ્મા છે. એક વખત ઉષ્મા ઘટે પછી એ ઘટતી જ રહે છે. બે સમાંતર રેખાઓને એક છેડેથી સહેજ જ અંતર વધારો પછી તો આગળ જતાં એ અંતર લાખો યોજનનું થઈ જાય છે. જેને ચાહતા હોઈએ એમાં ઉષ્મા ઘટવા ન દેવી એ મહાપુરુષોનું કામ છે. સંબંધોની પવિત્રતા એક જ એવો જાદુ છે જે ઉષ્માને ચિરંતન ટકાવે છે.

શિયાળો પાંદડાઓને ખંખેરે છે પણ થડને સ્પર્શ કરતો નથી કારણ કે એના મૂળ ઊંડા છે. જેના મૂળ ઊંડા હોય એ જ આ વિયોગને પાર કરી શકે છે. જો એમ ન હોય તો ખરખર પાંદડે ખરી જવાનું. સંબંધો પાંગરતા રહે છે એમ ખરતા પણ રહે છે. એમાં જે અવિચળ રહે છે તે જ સંબંધ છે બાકી તો બધું જ હવાની અમથી લહેર. વિન્ટર સોંગમાં પ્રિયતમા કહે છે કે વણઝારાના પડાવની જેમ પાદરમાં વિન્ટરનો મુકામ છે. યૌવન વીતી રહ્યું છે ને મારી શ્વેત થતી જતી કેશલતા પર મારી સખીઓ હસી રહી છે.

સમગ્ર ઉત્તર ભારતમાં શિયાળાની જમાવટ સોળે કળાએ ખીલી છે. શિશિર ઋતુ સર્વ દિશાઓમાંથી સૂસવાટા બોલાવે છે. વૃક્ષ-વનરાજિના પાંદડા સોનેરી થઈને પૃથ્વી પર અભિષેક કરી રહ્યાં છે. પરંતુ ભારતીય મનુષ્યની જિંદગી ભલે કોરોનાને કારણે જરાક આજકાલ આડે પાટે ચડી ગઈ હોય. ઉત્તર ભારતના ખાસ તો હિમાલયની તળેટીથી નીચેના વિસ્તારના સર્વ ઊંચા પર્વત ઉપર બરફ છવાયેલો છે. નગાધિરાજ સ્વયં તો બરફાચ્છાદિત છે જ. વહેલી સવારના ગાઢ ધુમ્મસના પડદાઓ વાતાવરણને ઢાંકી દે છે. ધુમ્મસની રજાઈમાં વસુંધરા લપાઈ ગઈ છે. બહુ નજીકના અંતરે પણ આંખો કામ કરતી નથી. ઉત્તર ભારતમાં નાગરિકોની દિનચર્યા મધ્યાહ્ન થવા આવે ત્યારે શરૂ થાય છે અને જરાક બપોર ઢળે કે તેમનો દિવસ પૂરો થઈ જાય છે.

કોરોના ઉપરાંત શિયાળો પોતે જ જિંદગી સાથે ખતરનાક રમત રમતો હોવાથી દેશમાં અનેક શિયાળુ રમતોત્સવ રદ થયા છે. રસ્તાઓ સાંજ પડે કે સન્નાટામાં ફેરવાઈ જાય છે. પંખીઓ થરથર કાંપતા માળામાં છુપાયેલા છે. ઉત્તર ભારતમાં છેલ્લા એક સપ્તાહમાં હજારો પંખીઓ મધરાતે ઝાડ પરથી પડ્યા છે ને મૃત્યુ પામ્યા છે. ઠંડીનો રાઉન્ડ સામાન્યતયા બે-ત્રણ દિવસ ચાલતો હોય છે. વળી ફરી સૂર્યનો સોનેરી તડકો વહાલો લાગે છે. પરંતુ આ વખતે એવું નથી. આ વખતે ઠંડીના મોજાને બદલે ઠંડીનો દરિયો જ ભારતીય પ્રવાસે આવ્યો છે ને હિલ્લોળા લઈ રહ્યો છે એવું લાગે છે. એક પછી એક દિવસ ઠંડી વધતી જાય છે. રાત્રિઓનું સૌન્દર્ય જૂઈ ચમેલી જેવું છે પણ એનો સાક્ષાત્કાર તો કોઈ વિરલા જ કરી શકે. જેઓ મહાનગરોમાં ઊંચા મકાનોમાં વસે છે તેમને અને તળિયે ઝૂંપડાઓમાં વસનારાઓને એકસરખી રીતે ચારે બાજુથી શિયાળાએ ઘેરી લીધા છે. એમને ચારેય દિશાના વા વાય છે. પહાડી તળેટીમાં વસેલા ગામડાઓમાં પણ જીવન વેરવિખેર થઈ ગયું છે. આ વખતે તો શિયાળો ભારત સરકારના હવામાન વિભાગની મજાક ઉડાડવા માટે જ આકરો બનીને આવ્યો છે.

હજુ તો ઈસુના નવા વરસે ઉત્તરાખંડ, બિહાર અને ઝારખંડમાં બરફના કરા સાથે વરસાદ પડવાની સંભાવના છે. ગુજરાતમાં શિયાળાની રોનક જુદી જ છે. ■

# .... પાછળ રહી ગયા કેવળ પડઘા...



વાર્તા વિશ્વ



યોગેશ પંડયા

'પંડ્યના ઈ પંડ્યના ને પારકા ઈ પારકા. કાલ સવારે વહુ આવશે તો ભોલિયો તને સાચવશે ? મને તો વિશ્વાસ નથી. આંગળીથી નખ વેગળા ઈ વેગળા જ રહે... મેં પાંચ વરસમાં તને બહુ કીધું પણ તું ન માની. શું કામ તારે પેટે સંતાન ન થવા દીધું એ મને કહીશ ? '

' આજે તમે પૂછ્યું છે તો કહું કે હું હેતના ભાગલા પાડવા નહોતી માંગતી.'

'એટલે ? ' મનુ ઉભો થઇ ગયો.

'બસ, ભોલિયા ઉપરના મારા હેતમાં કોઈ વારસ ઉભો થાય ને કાલ સવારે મારાથી વારો-તારો થઈ જાય તો ભોલિયાના હૈયાની આહ લાગી જાય ને મને તો પાતક લાગી જાય...'

' એટલે... એટલે તે દુનિયા, સમાજ અને ભોલિયાને ખાતર તારો કોઠો વાંઝિયો રાખ્યો ? '

' એવું ન બોલો, ભોલિયો મારો જ છે ને ! મારો પંડ્યનો દીકરો છે ! અને એની ઉપર મને વિશ્વાસ છે. એ મને સાચવશે. તમારો વહેમ જૂઠો છે' મનુ, મણ એકનો નિકાહો મૂકી સૂઈ ગયો.

માંડ બે મહિના ચાકરી ભોગવીને મનુ લાંબે ગામતરે ચાલ્યો ગયો. ભોલિયો- વસુ એકલા પડ્યા. દિવસો વરસો બની ગયા. ભોલિયો, ભોલિયામાંથી ભાવેશ બન્યો. માએ પેટે પાટા બાંધીને પણ ભણાવ્યો. પી.ટી.સી. કરાવ્યું, શિક્ષકની નોકરી મળી અને ચંપકલાલની મીના સાથે સગાઈ પણ કરી નાખી. મીના પૈસાદાર બાપની એકની એક દીકરી. પૂરી સ્વતંત્રતામાં ઉછરેલી સ્વછંદી છોકરી હતી. લગ્ન પછી માંડ બે-ત્રણ મહિના ઠીક ચાલ્યું... ભાવેશ નોકરીએ જતો ને મીના, પોતાના રૂમમાં જઈને સૂઈ જતી. વસુ કામ ઘસડતી... સાંજે સાડા ચારે મીના બનીઠનીને બેસતી. જેવો ભાવેશ આવતો કે તેને બહાર ઘસડી જતી...

ભાવેશને બહુ ગમતું નહીં... પરંતુ પત્નીને નારાજ કરવા માંગતો નહોતો... પણ જૂઠું લાંબો સમય ચાલતું નથી. તેણે એક વખત કહ્યું, ' તું માને ઘરકામમાં મદદ કરે તો સારું, મા આ ઉંમરે થાકી જાય છે.'

મીના ગર્જી ઉઠી: 'તે આખો દિવસ હું જ બધું કરું છું ને ! તમારી માને કાંઇ નથી કરવું પડતું...' ભાવેશ કશું બોલ્યો નહીં. એકવાર ઓચિંતો ઘરે આવ્યો તો મીના પાડોશમાં બેસવા ચાલી ગયેલી. મા બધું કામ કરતી હતી. તેણે પાસે બેસીને માને પૂછ્યું: 'કેમ મા, શા માટે કરે છે તું આ બધો ઢસરડો ? '

'... તો કોણ કરે બેટા ? ' માની આંખમાં આંસુ આવી ગયા. તે બાજુમાં જઈને મીનાને બોલાવી લાવ્યો. ઝઘડ્યો. વાતવાતમાં એક તમાચો ચોડી દીધો. મીના પિયર જતી રહીઃ વાત વટે ચડી ગઇ.. મીનાએ કહ્યું 'તમારી માથી જુદુ રહેવું હોય તો આવું....'

' એ નહીં બને...' ભાવેશે કહી દીધું પણ મા ન માની. એ જઈ ચંપકલાલને હાથે-પગે પડીને મીનાને તેડી આવી. ભાવેશ ઘરે આવ્યો ત્યારે મીના આવી ગઈ હતી. 'મા..' કરતો એ અંદરના રૂમમાં વળ્યો કે મીનાએ બાવડું પકડીને કહ્યુ: ' આપણો રૂમ આ બાજુ છે. મા આપણાથી નોખી થઈ ગઈ છે..' ભાવેશને એક સામટા હજાર વીંછીઓનું ઝેર ચડી ગયું. 'ઘર'ના બે ભાગ પડી ચૂકયા હતા. મા સાંજે'કના આવી. એક શીશીમાં તેલ હતું. નાના નાના પડીકામાં ચા, ખાંડ, દાળ, મરચું, મીઠું વગેરે હતા. તે માને ખભે માથું ટેકવી રડી પડ્યો.

' અરે ગાંડા... શા માટે રડે છે ? હું કયાં તારાથી આઘી ગઈ છું ? તારી પડખે જ છું જો..'

' મને રડવું એનું નથી આવતું, પણ રડવું એનું આવે છે કે એક દિ' તે મારા પિતાજીને હોસ્પિટલમાં જે હૈયાની વાત કહી હતી તે મે સાંભળી હતી.. મને તેનું રોવુ આવે છે. મા, તારા સગા કોઠેથી એક દીકરો પેદા થવા દીધો હોત તો ? '

'એવુ ન બોલ ગાંડિયા... તું મારો જ છે ને ?' માએ એના હોઠ ઉપર હાથ મૂકી દીધો...! બે ત્રણ મહિના નીકળી ગયા. એક રાતે માને ખૂબ તાવ ચડ્યો ખૂબ ટાઢ ચડી. કણસતી કણસતી ધ્રૂજતી તેણે એના ઓરડાની સાંકળ ખખડાવી.

' કોણ?' ભાવેશ બોલી ઉઠ્યો.

' એ તો હું મા...'

'મા' નું નામ પડતાં જ તે ઉભો થઈ ગયો. બારણું ખોલીને જોયું તો મા ડગુમગુ ઉભી હતી. 'બેટા, મને તાવ આવ્યો છે. ટાઢ ચડી છે. ચક્કર ચડે છે... મને તાત્કાલિક દવાખાને- '

' હા... મા. ઉભી રહે. સુરાકાકાની રિક્ષા કરતો આવું...' કહી તે બહાર નીકળ્યો પણ એ પહેલાં મીના બહાર આવીને બરાડી: 'તાવ તો અઠવાડિયાથી આવે છે. બોલવું ન જોઈએ ? અત્યારે કોણ દવાખાને ભોજિયોભાઈ હોય... વખત તો જોતા હો તો — '

વસુ આગળ ન સાંભળી શકી. એ રગરગી ઉઠીઃ

' એ બેટા, રહેવા દે, વહુની વાત સાચી છે. સવારે જાશું...'

' ના મા...'

' મારા સમ બેટા... મને બે-ત્રણ ગોદડાં ઓઢાડી દે. હમણા ટાઢ ઉડી જશે.'

ભાવેશ કમને પાછો વળ્યો. કલાક બેઠો. મા ઉંઘી ગઇ હોય એમ લાગ્યું. વહેલા સાડા ચારે સૂતો પણ સવારે મા ઉઠી જ નહીં. કયાંથી ઉઠે ? તેણે સદાયને માટે આંખો મીંચી દીધી હતી. 'મા' ના નામનું સંબોધન હવે જિંદગીમાંથી બાદબાકી થઈ ગયું હતું. ભાવેશનું હૈયુ હીબકાં ભરતું રહ્યું.

બારમું પત્યું. એના ઓરડામાં રહેલો તેના લગ્ન વખતનો જૂની પતરાનો ટ્રંક ખોલ્યો. તો અંદર પોતાના જ લગ્ન વખતે ઓઢેલા પાનેતરનું પોટલું વાળીને મૂકયું હતું. ભાવેશે ખોલ્યું તો રોકડા રૂપિયા હતા. બચતપત્રો હતા. સોનાના દાગીના હતા. એક જર્જરિત કાગળમાં ઝાંખા પાંખા અક્ષરોમાં લખ્યું હતું. 'મારા ભોલિયા માટે...' ■



# “કેમ...? આપણે તેના માટે પારકાં છીએ...?”

# રાખનાં રમકડાં



ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

સાંજના સાડા આઠ વાગે બધા એક સાથે જમવા બેઠા. મહેશ કંઈક બોલવા જતો હતો પણ બોલ્યો નહીં. એટલે પછી જમવાનું તો એમ જ પૂરૂં થયું. જમીને તરત જ દામલ અને મહેશ બેઠક રૂમમાં સોફા પર શાંતિથી બેસી રહ્યા.

શાંતુ રસોડાનું કામ કરવા લાગી અને બરાબર સવા નવ વાગે કિંમતી ગાઉન પહેરીને બેઠક રૂમમાં દાખલ થઈ. આવા નાઈટ ડ્રેસમાં શાંતુ ખરેખર સાવ જ નાનકડી છોકરી જેવી દેખાતી હતી. મહેશ તો એકધારો તેને જોતો જ રહ્યો. ત્યાં તો દામલ પાસે સોફામાં બેસતાંની સાથે જ તેણે કહ્યું : “ જુઓને..., આ મહેશ તો હજી પણ આપણને સાવ પારકાં ગણી રહ્યો છે....”

“કેમ...? આપણે તેના માટે પારકાં છીએ...?” દામલે પૂછયું.

“ જોને... એ મને કહેતો હતો કે, આપણા મકાનની આજુબાજુ કોઈ ભાડાનો રૂમ મળી જાય તો...” શાંતુ આટલું બોલી જાણી જોઈને આગળ બોલતા અટકી અને પછી મહેશ સામે જોવા લાગી.

“અમે હજી બેઠા છીએ, મહેશ...!” હવે દામલે મહેશ સામે જોઈને સારા મૂડમાં કહ્યું : “આ મારૂં મકાન તો તે જોયું છે ને ? બધી જ સગવડતા છે. રોડ પરથી રૂમમાં સીધું આવવું હોય તો આવી શકાય તેવી સગવડ પણ છે. આમાંથી એક રૂમમાં તારે રહેવાનું છે. બીજે કયાંય જવાની જરૂર નથી, સમજ્યો ? આ અમારા ઘરમાં બધી જ સગવડ છે, બધી જ વ્યવસ્થા છે. હવે રહી ખાવાની વાત. તો સાંભળ : અત્યારે આપણે જેવી રીતે જમ્યા તેવી જ રીતે રોજ-રોજ તારે જમવાનું છે. હા, કયારેક વહેલા મોડું થાય તો ચલાવી લેવું પડે બોલ... ? હવે તારે કંઈ પૂછવાનું છે..?” મહેશ સામે નજર માંડતા દામલ બોલતો અટક્યો.

“આ મારા પ્રત્યેની તમારી લાગણી બોલે છે, સર ! સારૂં..., હુ અહી જ રહીશ. પરંતુ એક શરતે રહીશ...” મહેશ બોલ્યો.

“વળી શરત...? કેવી શરત છે તારી...?” શાંતુએ આશ્ચર્ય સાથે પૂછયું.

“રહેવા માટે રૂમના અને જમવા માટે ભોજનના રૂપિયા તમારે લેવા જ પડશે...” મક્કમતાથી મહેશે કહ્યું.

“ચાલો... આ તેં સાચું કહ્યું. પરંતુ તારી પાસેથી હું તે રૂપિયા નહીં જ લઉં. જો તારે રૂપિયા આપવા જ હોય તો આ તારી ભાભી અને તું બન્ને અરસ-પરસ સમજી લેજો. મારે તો કંઇ લેવા-દેવા નહીં, બસ....! ”

ભાભીની કુશળતા જોઇ ઘડીવાર તો મહેશ ખરે જ આશ્ચર્યચકિત થઇ ગયો. છતાં એ કશું બોલ્યો નહીં. પરંતુ એ તો સત્ય જ હતું કે, મહેશને આ મકાનમાં રહેવાનું અને સાથે સાથે જમવાનું પણ નક્કી થઇ ગયું હતું. એટલે તો બીજે જ દિવસે પોતે નક્કી કરેલા રૂમમાં તેની બેગ અને થેલો વ્યવસ્થિત રીતે રાખી દીધો. પલંગ અને બીજી બધી જોઈતી ઘર-વખરી રૂમમાં હતી જ. એ રૂમમાંથી બહાર રોડ પર દ્વાર હતું જે આજ સુધી બંધ જ હતું. બહાર તરફ જોવા માટે મહેશે એ દ્વાર ધીમેથી ખોલ્યું. એ સાથે તાજી હવા રૂમમાં આવતા તેને ખૂબ જ આનંદ થયો. આવી અને આટલી સરસ સગવડતા મળતા પ્રથમ તો મહેશે મનોમન શાંતુ ભાભીનો હૃદયથી ખૂબ ખૂબ આભાર માન્યો.

સમય અને સંજોગો અવિરતપણે ચાલ્યા જ કરે છે, સાથે સાથે બદલાયા પણ કરે છે. હવે મહેશ તેના નક્કી કરેલા સમયે પંચાયત ઓફિસે જવા લાગ્યો. દામલ સવારમાં સ્કૂલે ચાલ્યો જાય. તો શાંતુ વળી બપોરના સમયે સ્કૂલે ચાલી જાય. આમ બે-ચાર દિવસ પસાર થયા.

એક દિવસ રોજના સમય પ્રમાણે દામલ તો તૈયાર થઈને નિશાળે પહોંચી ગયો. મહેશને તો અગિયાર વાગ્યે પંચાયત ઓફિસે જવાનું હોવાથી તે તો હજી ઊંઘતો હતો. શાંતુ પણ દામલ સ્કૂલે જાય પછી ઘરનું વાસી કામ પ્રથમ પૂરૂં કરી લેતી. બધું કામ થઈ ગયા પછી જ... છેલ્લે નાહવાનું કામ કરતી.

મહેશ આજે સવારે નવ વાગે ઊઠ્યો. હવે તો તેને તેના રૂમમાં જ બાથરૂમમાં નાહવાનું હતું. શૌચાદિ ક્રિયાકર્મ પૂરા કર્યા પછી તે નાહવા ગયો. નાહીને તે તૈયાર થઈ ગયો. પછી રોજના નિયમ મુજબ પેપર એટલે કે વર્તમાન પત્ર વાંચવા માટે મુખ્ય બેઠક રૂમમાં તે આવી પહોંચ્યો. બેઠક રૂમમાં આજે સોફા પર ન બેસતા તે ઈજી-ચેર પર બેસીને પેપર વાંચવામાં મશગુલ થયો. થોડી વાર થઈ હશે, ત્યાં તો....

ત્યાં તો મહેશના શ્વાસ અધ્ધર ચડી ગયા. તે ખૂબ જ ગભરાઇ ગયો. એ.... એક એવું જીવંત દ્રશ્ય જોઇને તેની આંખો તો સાચે જ ખુલ્લી રહી ગઇ. એ સાથે તેના શ્વાસ ખૂબ જ વધ્યા, ગભરાટ પણ વધ્યો. (ક્રમશ:) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# પ્રધાનમંત્રી મોદી, ઉપરાષ્ટ્રપતિ સહિતના નેતાઓએ ડો. આંબેડકરની ૬૯મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી




નવીદિલ્હી,તા.૬

ડૉ. ભીમરાવ આંબેડકરની ૬૯મી પુણ્યતિથિ પ્રસંગે સમગ્ર રાષ્ટ્ર તેમને યાદ કરી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને અન્ય નેતાઓએ સંસદ ભવનમાં ડૉ. આંબેડકરની પ્રતિમા પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. ડૉ. આંબેડકરને યાદ કરતા, પ્રધાનમંત્રી મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું, ×મહાપરિનિર્વાણ દિવસ પર ડૉ. બાબાસાહેબ આંબેડકરને યાદ કરીએ છીએ. તેમનું સ્વપ્રદ્રષ્ટા નેતૃત્વ અને ન્યાય, સમાનતા અને બંધારણ પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા આપણી રાષ્ટ્રીય યાત્રાને માર્ગદર્શન આપતી રહેશે. તેમણે પેઢીઓને માનવીય ગૌરવ જાળવી રાખવા અને લોકશાહી મૂલ્યોને મજબૂત બનાવવા માટે પ્રેરણા આપી. કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ મહાપરિનિર્વાણ દિવસ પર ડૉ. આંબેડકરને યાદ કર્યા, એક પોસ્ટમાં લખ્યું, મહાપરિનિર્વાણ દિવસ પર બાબાસાહેબ આંબેડકરને નમ્ર શ્રદ્ધાંજલિ. સમાનતા, ન્યાય અને માનવીય ગૌરવનો તેમનો વારસો બંધારણનું રક્ષણ કરવાના મારા સંકલ્પને મજબૂત બનાવે છે અને એક સમાવિષ્ટ અને કરુણાપૂર્ણ ભારત બનાવવા માટે આપણા સંયુક્ત સંઘર્ષને પ્રેરણા આપે છે.

# દિલ્હી સહિત ઉત્તર ભારતના રાજ્યોમાં તીવ્ર ઠંડીની આગાહી, દક્ષિણ ભારતમાં વરસાદ પડવાની સંભાવના



(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૬

દેશના ઉત્તરીય ભાગોમાં તીવ્ર ઠંડી પ્રવર્તી રહી છે. આગામી ૨૪ કલાકમાં મધ્ય, પૂર્વ અને ઉત્તરપૂર્વ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની ધારણા છે. શનિવારે સવારે ઉત્તરપૂર્વ ભારતના ઘણા વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ જોવા મળ્યું હતું. દક્ષિણ ભારતના કેટલાક રાજ્યોમાં વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગે ૮ ડિસેમ્બરે પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઝારખંડ, ઓડિશા, ઉત્તર પ્રદેશ અને પૂર્વ રાજસ્થાન માટે શીત લહેરની ચેતવણી જારી કરી છે. હિમાચલ પ્રદેશ અને કાશ્મીરમાં હિમવર્ષા દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ અને પંજાબ સહિત ઉત્તર ભારતના મેદાની વિસ્તારો પર સીધી અસર કરી રહી છે. તેનાથી ઠંડીમાં વધારો થયો છે. પંજાબના આદમપુરમાં લઘુત્તમ તાપમાન ૨.૪ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટી ગયું છે.

હવામાન વિભાગે ૮ ડિસેમ્બરે તમિલનાડુ, પુડુચેરી, આંદામાન અને નિકોબાર ટાપુઓ અને કરાઈકલમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની ચેતવણી જારી કરી છે. આ સમયગાળા દરમિયાન ૩૦-૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

# પ.બંગાળમાં બાબરી મસ્જિદના શિલાન્યાસ સામે મુખ્યમંત્રી મમતા બેનરજી સામે ભાજપ ગુસ્સે ભરાયો

નવીદિલ્હી,તા.૬

સસ્પેન્ડ કરાયેલા ટીએમસી ધારાસભ્ય હુમાયુ કબીરે પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદનો શિલાન્યાસ કર્યો છે, જેનો ભાજપ દ્વારા સખત વિરોધ કરવામાં આવ્યો છે. ભાજપ આઈટી સેલના વડા અને પશ્ચિમ બંગાળના ભાજપ સહ-પ્રભારી અમિત માલવિયાએ ટીએમસીની આકરી નિંદા કરી છે. અમિત માલવિયાએ તેમના એક્સ હેન્ડલ પર ટ્વિટ કરીને કહ્યું છે કે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી આગ સાથે રમી રહ્યા છે. અમિત માલવિયાએ કહ્યું કે મુર્શિદાબાદના બેલડાંગાથી આવતા અહેવાલો, જેમાં મમતા બેનરજીએ રાજકીય લાભ માટે મુસ્લિમ લાગણીઓનું ધ્રુવીકરણ કરવા માટે ×સસ્પેન્ડ× ટીએમસી ધારાસભ્ય હુમાયુ કબીરનો ઉપયોગ કર્યો છે, કબીરના મુસ્લિમ સમર્થકોના જૂથો બાબરી મસ્જિદ બાંધવાનો દાવો કરે છે તે સ્થળે બાંધકામ માટે ઈંટો લઈ જતા જોવા મળ્યા છે. તેમણે દાવો કર્યો કે પશ્ચિમ બંગાળ પોલીસ હુમાયુ કબીરને ટેકો આપી રહી છે અને આ પ્રવૃત્તિ માટે સુરક્ષા પૂરી પાડી છે.

# દિલ્હીમાં વધુ ૯૫ મોહલ્લા ક્લિનિક બંધ કરવાના નિર્ણય અંગે ભાજપ-આપ આમને સામને આવ્યા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૬



દિલ્હીમાં મોહલ્લા ક્લિનિક બંધ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. હવે, ૯૫ વધુ મોહલ્લા ક્લિનિક બંધ કરવા માટે એક યાદી બહાર પાડવામાં આવી છે. આરોગ્ય સંભાળ કેન્દ્રોથી શૂન્યથી ૧.૬ કિલોમીટરની ત્રિજ્યામાં સ્થિત ક્લિનિક બંધ કરવામાં આવશે. દરમિયાન, આપે દિલ્હીમાં વધુ ૯૫ મોહલ્લા ક્લિનિક બંધ થવાની સંભાવના અંગે ભાજપ સરકાર પર ગંભીર આરોપો લગાવ્યા છે.

આ મોહલ્લા ક્લિનિક્સ પોર્ટા કેબિન અને ભાડાના મકાનોમાં કાર્યરત છે. અગાઉ, એક કિલોમીટરની ત્રિજ્યામાં મોહલ્લા ક્લિનિક્સ બંધ કરવામાં આવ્યા હતા. બંધ થવાથી મોહલ્લા ક્લિનિક્સમાં કામ કરતા કર્મચારીઓમાં રોષ ફેલાયો છે. અગાઉ, સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં ક્લિનિક્સ બંધ કરવામાં આવ્યા હતા.

આમ આદમી મોહલ્લા ક્લિનિક યુનિયનના પ્રમુખ જિતેન્દ્ર કુમારે જણાવ્યું હતું કે આ ૯૫ ક્લિનિક્સ સહિત, બંધ થનારા ક્લિનિક્સની કુલ સંખ્યા ૨૯૬ સુધી પહોંચી જશે, જેનાથી ૧,૧૦૦ થી વધુ સ્ટાફ બેરોજગાર થઈ જશે.

# મહારાષ્ટ્ર મ્યુનિસિપલ ચૂંટણીના પરિણામ ૨૧ ડિસેમ્બરે જાહેર થશે

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૬



મહારાષ્ટ્ર મ્યુનિસિપલ ચૂંટણીના પરિણામની તારીખ અંગે એક મોટું અપડેટ આવ્યું છે. સુપ્રીમ કોર્ટે ૨૦ ડિસેમ્બરે બીજા તબક્કાના મતદાન પછી, ૨૧ ડિસેમ્બરે રાજ્યની તમામ મ્યુનિસિપલ ચૂંટણીઓના પરિણામ જાહેર કરવાનો માર્ગ મોકળો કર્યો છે. સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેન્ચના નિર્ણયને માન્ય રાખ્યો છે. બોમ્બે હાઈકોર્ટે મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચને ૨૦ ડિસેમ્બરે આગામી તબક્કાના મતદાન પૂર્ણ થયા પછી તમામ મ્યુનિસિપલ ચૂંટણીઓના પરિણામ જાહેર કરવાનો નિર્દેશ આપ્યો હતો.

આ ચૂંટણી માટે મત ગણતરી ૩ ડિસેમ્બરે નક્કી કરવામાં આવી હતી. જોકે, ઘણા ઉમેદવારોએ ગણતરી રોકવા માટે હાઈકોર્ટમાં અરજીઓ દાખલ કરી હતી.

# અસીમ મુનીરની ધરપકડ અને ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પાસે માફી માંગવી જોઈએ : પૂર્વ યુ.એસ. અધિકારી




(એચ.એસ.એલ),વોશિંગ્ટન,તા.૬

પાકિસ્તાન અને અસીમ મુનીર અંગે એક ટોચના ભૂતપૂર્વ યુએસ અધિકારી તરફથી એક મોટું નિવેદન આવ્યું છે. પેન્ટાગોનના ભૂતપૂર્વ અધિકારી માઈકલ રુબિને પાકિસ્તાનને આતંકવાદી દેશ ગણાવ્યો અને અસીમ મુનીરની ધરપકડની હાકલ કરી. પેન્ટાગોનના ભૂતપૂર્વ અધિકારી રુબિને કહ્યું કે અમેરિકા પાસે પાકિસ્તાનને સ્વીકારવાનો કોઈ વ્યૂહાત્મક તર્ક નથી. રુબિને કહ્યું, ×પાકિસ્તાનને આતંકવાદને પ્રાયોજિત કરતો દેશ જાહેર કરવો જોઈએ. જો અસીમ મુનીર અમેરિકા આવે છે, તો તેનું સન્માન કરવાને બદલે તેની ધરપકડ કરવી જોઈએ. આપણને પડદા પાછળ શાંત રાજદ્વારીની જરૂર છે.×

પેન્ટાગોનના ભૂતપૂર્વ અધિકારીએ કહ્યું, ×છેલ્લા એક વર્ષમાં આપણે ભારત સાથે જે રીતે વર્તન કર્યું છે તેના માટે અમેરિકાએ ખુલ્લેઆમ માફી માંગવી જોઈએ. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માફી માંગવાનું પસંદ કરતા નથી, પરંતુ અમેરિકાના લોકશાહી દેશોના હિત એક માણસના અહંકાર કરતાં ઘણા મહત્વપૂર્ણ છે, ભલે ગમે તેટલો મોટો હોય.

# યુધ્ધવિરામનો ઉલાળીયો : અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે ફરી સામસામા ગોળીબાર

(એચ.એસ.એલ),ઈસ્લામાબાદ,તા.૬



પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સરહદ પર પરિસ્થિતિ ફરી એકવાર વણસી છે. શુક્રવારે રાત્રે બંને દેશોના સૈનિકો વચ્ચે ભારે ગોળીબાર શરૂ થયો. જોકે, કોઈ જાનહાનિ કે ઈજાના અહેવાલ નથી. બે મહિના પહેલા જ બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ લાગુ કરવામાં આવ્યો હતો, પરંતુ શુક્રવારે રાત્રે થયેલા ગોળીબારથી ફરી એકવાર આશંકા વ્યક્ત થઈ છે કે આ અથડામણ યુદ્ધમાં ફેરવાઈ શકે છે. બંને દેશોએ યુદ્ધવિરામ ભંગ માટે એકબીજાને દોષી ઠેરવ્યા છે.

સ્થાનિક પાકિસ્તાની પોલીસ અધિકારી મોહમ્મદ સાદિકનો દાવો છે કે ગોળીબાર અફઘાનિસ્તાનથી શરૂ થયો હતો અને પાકિસ્તાની સૈનિકોએ મુખ્ય પરિવહન માર્ગ ચમન બોર્ડર ક્રોસિંગ નજીક વળતો ગોળીબાર કર્યો હતો. દરમિયાન, કાબુલમાં અફઘાન તાલિબાન સરકારના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે પાકિસ્તાન પર ગોળીબારનો આરોપ લગાવ્યો હતો.

# સમયસર બસ ન મળતા ગીરગઢડા એસ.ટી.બસ સ્ટેશન પર વિદ્યાર્થીઓએ કર્યો ચક્કાજામ

ગીરગઢડા,તા.૦૬



ગીરગઢડા એસ.ટી. બસ સ્ટેન્ડ પર શાળાએ અવરજવર કરતાં વિદ્યાર્થીઓએ અચાનક ચક્કાજામ કરી હલ્લાબોલ કરતા દોડાદોડી મચી હતી. એસ. ટી. બસ સમયસર ન મળતા રોષે ભરાયેલા વિદ્યાર્થીઓએ બસો રોકી દીધી હતી. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાંથી અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓને સવારે અને સાંજે નિયમિત બસ સેવા મળતી નથી. આના કારણે વિદ્યાર્થીઓને કલાકો સુધી બસની રાહ જોવી પડે છે, જે તેમની શૈક્ષણિક પ્રવૃત્તિઓ પર નકારાત્મક અસર કરે છે. વિદ્યાર્થીઓએ આ સમસ્યા અંગે અગાઉ પણ અનેકવાર રજૂઆતો કરી હતી, પરંતુ તંત્ર દ્વારા કોઈ ધ્યાન આપવામાં આવ્યું ન હતું. ગઈકાલે પણ વિદ્યાર્થીઓએ બસ સ્ટેન્ડમાં ચક્કાજામ કર્યો હતો, ત્યારે તેમને બસના સમયમાં ફેરફાર કરવાની ખાતરી આપવામાં આવી હતી.

# ઉનાના વેપારીએ દીકરીના લગ્નમાં આવેલ ચાંદલાની રકમ શહીદ જવાનોના પરિવારને આપી

ઉના,તા.૦૬

ઉનાના અગ્રણી વેપારી અને સિંધી સમાજના આગેવાન કિશોર કોટકે પોતાની દીકરીના લગ્નને યાદગાર બનાવવાની સાથે સમાજને પ્રેરણા પૂરી પાડી છે. તેમણે દીકરી શ્વેતાબેનના લગ્નમાં આવેલી ચાંદલાની રૂ.૩૨,૬૦૦ની રકમ શહીદ પરિવારોના લાભાર્થે 'માર્ટીયર ફંડ'માં જમા કરાવવાનો નિર્ણય કર્યો છે. લગ્નની ખુશી વચ્ચે, કિશોરભાઈ કોટક અને તેમના પરિવારે દેશની રક્ષા કરતા શહીદ થયેલા જવાનોના બલિદાનને યાદ કરવાનો નિર્ણય કર્યો. તેમણે લગ્ન પ્રસંગે મહેમાનો દ્વારા પરંપરાગત રીતે આપવામાં આવતી રોકડ રકમ (ચાંદલો) શહીદ પરિવારોના કલ્યાણ માટે વાપરવાની ઈચ્છા વ્યક્ત કરી. પરિવારના તમામ સભ્યોએ આ પ્રેરણાદાયી પગલાને આવકાર્યું હતું.

# ગીર સોમનાથ જિલ્લામાં ૧૭ કરોડની જમીન પરનું દબાણ દૂર કરાવતા કલેક્ટર

ઉના,તા.૦૬

ગીર સોમનાથ જિલ્લામાં ૧૭ કરોડની સરકારી જમીન પર દબાણ ખુલ્લું કરાયું હતું અને ૨ વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. ભૂમાફિયા પર અંકુશ લાવવા ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ- ૨૦૨૦ લાગુ કરવામાં આવ્યો છે. જે અનુસંધાને જિલ્લા કલેકટર એન. વી. ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને લેન્ડ ગ્રેબીંગ કમિટીની બેઠક યોજાઈ હતી. જિલ્લામાં સરકારી તથા ગૌચરની જમીનોમાં જુદા જુદા ઈસમો દ્વારા દબાણો કરવામાં આવેલ હોય, સબંધિત મામલતદાર તથા તાલુકા વિકાસ અધિકારી દ્વારા દબાણદારો સામે ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ-૨૦૨૦ હેઠળ કુલ-૧૪ સુઓમોટો અરજીઓ દાખલ કરવામાં આવી હતી. આ દબાણદારો ઉપર લેન્ડ ગ્રેબીંગ હેઠળ ફરિયાદ અરજી થતા કુલ-૧૨ દબાણદારોએ કુલ ૯૧૭૪૦ ચો. મી. સરકારી / ગૌચરની જમીનો ઉપરના દબાણો સ્વેચ્છાએ ખુલ્લા કરાવ્યા હતા. જેની અંદાજીત બજાર કિંમત રૂા.૧૭ કરોડ જેટલી થાય છે. જયારે ૨ દબાણદારોએ સરકારી જમીનો ઉપરના દબાણો ખુલ્લા ન કરતા ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ-૨૦૨૦ હેઠળ એફ.આઈ.આર. દાખલ કરવા નિર્ણય કરાયો હતો.


**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.208/2025

**પ્રતિ,**
શ્રી જેઠાભાઈ ભીમાભાઈ વાંઝા,
રહે. આલીદર, ગામ-આલીદર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી જી. પી. રાઠોડ કોડીનાર .....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત આલીદર, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના આલીદર ગામના રહીશ જેઠાભાઈ ભીમાભાઈ વાંઝા તથા દેવુબેન જેઠાભાઈ વાંઝાના પુત્ર મનુભાઈ જેઠાભાઈ વાંઝાનો જન્મ તારીખ **01/01/1967** ના રોજ કોડીનાર તાલુકાના આલીદર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત આલીદર, તાલુકો કોડીનાર સને.**1967** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**


# ગીર સોમનાથ જિલ્લામાં ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન યોજાયું

ગીર સોમનાથ,તા.૦૬



તસવીર : કુલદીપ પાઠક

GCERT ગાંધીનગર પ્રેરિત ડાયેટ ગીર સોમનાથ દ્વારા આયોજિત ૧૧મા દ્વિ-દિવસીય ગણિત, વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શનનું તપોવન વિદ્યાસંકુલ, આંકોલવાડી (તા. તાલાલા) ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લાના ૬ તાલુકાઓમાંથી BRC કક્ષાએ અને SVS કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવનાર માધ્યમિક વિભાગની ૨૫ અને પ્રાથમિક વિભાગની ૨૫ કૃતિઓ સહિત કુલ ૬૦ કૃતિઓ આ પ્રદર્શનમાં રજૂ કરવામાં આવી હતી. આ પ્રદર્શનમાં ૧૨૦ બાળકો અને ૬૦ માર્ગદર્શક શિક્ષકોએ હાજરી આપી હતી.

પ્રદર્શનનું ઉદ્‌ઘાટન જિલ્લા પંચાયત, ગીર સોમનાથના પ્રમુખ મંજુલાબેન કે. મૂછાળ દ્વારા કરવામાં આવ્યું હતું. બાળ પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવા માટે સ્વામિનારાયણ સંપ્રદાય હરિપ્રબોધમ ધામ, બાકરોલથી સંતો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અન્ય મહાનુભાવોમાં જિલ્લા શિક્ષણાધિકારી એમ.પી. બોરીચા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એ.એચ. પટેલ, ડાયેટ પ્રાચાર્ય અને ગુજરાત રાજ્ય તાલીમ ભવન અધ્યાપક મંડળના પ્રમુખ વી.એમ. પંપાણીયા, જૂનાગઢ ડાયેટ પ્રાચાર્ય આશાબેન રાજ્યગુરુ, જૂનાગઢ ડાયેટ સી. લેક્ચરર ભરતભાઈ મેસિયા, એ.સી. વ્યાસ, વિમલભાઈ વાડોદરિયા, આંકોલવાડીના સરપંચ સેજલબેન વઘાસિયા તેમજ ડાયેટનો સમગ્ર સ્ટાફ હાજર રહ્યો હતો.


**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.210/2025

**પ્રતિ,**
શ્રી શકીનાબેન કાસમભાઈ શેખ ડો/ઓ મહમદ શેખ,
રહે. રોણાજ, ગામ-રોણાજ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી જી. પી. રાઠોડ કોડીનાર .....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કરેડા, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના રોણાજ ગામના રહીશ મહમદ હસન શેખ તથા અલારખીબેન મહમદ શેખના પુત્ર અલારખા મહમદ શેખનો જન્મ તારીખ **01/01/1966** ના રોજ કોડીનાર તાલુકાના કરેડા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કરેડા, તાલુકો કોડીનાર સને.**1966** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# હવે એક જ ક્લિક પર રાજ્ય સરકારના ઠરાવ અને પરિપત્ર મળશે, તમામ વિભાગોને ડેટા જાહેર કરવા આદેશ

ગાંધીનગર,તા.૦૬

રાજ્ય સરકાર દ્વારા સરકારી કામકાજમાં પારદર્શિતા, કાર્યક્ષમતા અને માહિતીની સરળતા વધારવા માટે એક મોટુ પગલું ભરાયું છે. સરકાર હવે બધા કાયદા, નિયમો, ઠરાવ, જાહેરનામા અને પરિપત્રોને એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવા એઆઈ (AI) આધારિત સર્ચ સુવિધાવાળું સેન્ટ્રલ પોર્ટલ શરૂ કરવા જઈ રહી છે. આ પોર્ટલને કાર્યક્ષમ બનાવવા માટે તમામ વિભાગોને પાંચ દિવસની અંદર તમામ સરકારી દસ્તાવેજોની સંપૂર્ણ વિગતો ગૂગલ શીટમાં અપડેટ કરવા તાકીદના આદેશો આપવામાં આવ્યા છે. વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા મુજબ, રાજ્ય સરકારના તમામ વિભાગોને પોર્ટલ માટે જરૂરી માહિતી પૂરી પાડવા જણાવવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, દરેક વિભાગને તાત્કાલિક આ કામગીરી પૂર્ણ કરવા આદેશ કરાયો છે. એમાં બધા કાયદા / નિયમ / GR / પરિપત્રોની માહિતી અપડેટ કરવા, જૂના, રદ કરાયેલા અને બિનઅસરકારક દસ્તાવેજો દૂર કરવા, મહત્ત્વના અને અપલોડ ન થયેલા ઠરાવ ઉમેરવા આદેશ કરાયો છે. મુખ્યમંત્રી કાર્યાલયે દરરોજ પ્રગતિની સમીક્ષા શરૂ કરી દીધી છે. સેન્ટ્રલ પોર્ટલના આધારે સામાન્ય નાગરિકને જરૂરી દસ્તાવેજની જ્યારે જરૂર પડે ત્યારે એક ક્લિકમાં મળી રહેશે. સરકારના નિર્ણયોમાં ટ્રાન્સપરન્સી અને જવાબદારી વધશે. બેવડાં ઠરાવ અને ગૂંચવણ દૂર થશે. એઆઈ આધારિત સર્ચથી ઝડપી અને ચોક્કસ માહિતી ઉપલબ્ધ થશે. સૂત્રો અનુસાર, CMO દ્વારા આ પ્રોજેક્ટને પ્રાથમિકતા આપવામાં આવી છે અને દૈનિક મોનિટરિંગ થઈ રહ્યું છે, તેથી વિભાગો ભારે દોડધામમાં લાગી ગયા છે. આ પોર્ટલ શરૂ થયા પછી રાજ્યના તમામ કાયદા અને શાસન નિર્ણયો એક જ પ્લેટફોર્મ પર સરળ શોધ વ્યવસ્થા સાથે ઉપલબ્ધ થઈ જશે, જે ભારતમાં અનોખો પ્રયાસ બની શકે છે.

# રાજ્યમાં એક્યુઆઈ ખતરનાક સ્તરે પહોંચતા સરકાર એક્શનમાં, ૫૪૧ બાંધકામ સાઈટ સામે કાર્યવાહી

ગાંધીનગર,તા.૦૬



શિયાળાની શરૂઆત સાથે જ રાજ્યના મહાનગરોમાં વધતા હવા પ્રદૂષણને ગંભીરતાપૂર્વક ધ્યાને લઈ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં પ્રદૂષણ નિયંત્રણ માટે તાત્કાલિક એક્શન પ્લાન તૈયાર કરવાની સૂચના આપવામાં આવી હતી. મુખ્યમંત્રીએ ભવિષ્યમાં પ્રદૂષણની ગંભીર અસરને અટકાવવા રાજ્યના તમામ વિભાગોને સાથે રાખીને ઝડપી પગલા ભરવા જણાવી તાકીદ કરી હતી. CMની સૂચના બાદ બાંધકામની સાઈટ પર તપાસ શરૂ કરવામાં આવી છે. મુખ્યમંત્રીની સૂચના અનુસાર શહેરી વિકાસ વિભાગ એક્શન મોડમાં આવી ચૂક્યું છે. વિભાગના અગ્ર સચિવે રાજ્યની ૧૭ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરો અને ૯ પ્રાદેશિક નગરપાલિકાના કમિશનરો સાથે વર્ચ્યુઅલ બેઠક યોજી બાંધકામ સાઈટ પર પ્રદૂષણ નિયંત્રણના પગલાં અંગે માર્ગદર્શન આપ્યું હતું. રાજ્ય સરકારે બાંધકામ સાઈટમાં નીતિ નિયમોનો ઉલાળીયો કરવા બદલ ૫૪૧ બાંધકામ સાઈટ સામે કડક કાર્યવાહી હાથ ધરી હતી.

# ધો.૧૦-૧૨ બોર્ડના પેપર હવે ધુળેટીના બદલે અન્ય દિવસોમાં લેવાનો નિર્ણય

ગાંધીનગર,તા.૦૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પોતાની ભૂલ સ્વીકારવામાં આવી છે. ધુળેટીની જાહેર રજામાં બોર્ડની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પરીક્ષાની તારીખ હવે બદલી દેવામાં આવી છે. ધોરણ ૧૦ની સામાજિક વિજ્ઞાનની પરીક્ષા ૪ માર્ચના બદલે હવે ૧૮ માર્ચના રોજ લેવામાં આવશે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની ૪ માર્ચે યોજાનારી નામાના મૂળતત્વો, ઈતિહાસ, જીવવિજ્ઞાન અને કૃષિ રસાયણશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને વાણિજ્ય સંચાલન, સમાજશાસ્ત્ર મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્ર, પદાર્થ વિજ્ઞાન અને ગણિતશાસ્ત્રની પરીક્ષા ૧૮ માર્ચના રોજ યોજવામાં આવશે. જ્યારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની ૪ માર્ચે યોજાનાર જીવ વિજ્ઞાનની પરીક્ષા હવે ૧૬ માર્ચના રોજ બપોરે ૩ વાગ્યાથી ૬ વાગ્યા સુધી લેવામાં આવશે. અને સંસ્કૃત પ્રથમાની ૧૬ માર્ચના રોજ સવારે ૧૦ વાગ્યાથી ૧.૧૫ વાગ્યા સુધી જ્યારે સંસ્કૃત મધ્યમાની ૧૬ માર્ચના બપોરે ૩ વાગ્યાથી ૬.૧૬ વાગ્યા સુધી લેવામાં આવશે.

# અમદાવાદમાં પાલડીથી એપેરલ પાર્ક સુધી નવા મેટ્રો રૂટનો નિર્ણય લેવાયો

અમદાવાદ,તા.૦૬



અમદાવાદ મેટ્રો ઓથોરિટીએ અમદાવાદ અને ગાંધીનગરની વચ્ચે ૮૩ કિમીના નવા રૂટની યોજના બનાવી છે. આ નવી યોજના હેઠળ, ૯.૫ કિમીના નવા રૂટ માટે ડીપીઆર તૈયાર કરવામાં આવી રહ્યો છે, જે હાલના પાલડી મેટ્રો સ્ટેશનને દાણીલીમડા, ગીતા મંદિર અને કાંકરિયા થઈને એપેરલ પાર્ક સાથે જોડશે. આ નવો રૂટ આગામી ચાર વર્ષમાં ૨,૮૫૦ કરોડના ખર્ચે બનાવવામાં આવશે.

આ ઉપરાંત ૩૫.૭૪ કિમી લાંબો ગોળાકાર મેટ્રો રૂટ ૧૦,૬૭૫ કરોડના ખર્ચે બનાવવામાં આવશે. અમદાવાદ મેટ્રો આ રૂટ વાસણા એપીએમસી સ્ટેશનથી શરૂ થશે, પીપલ્સ, નારોલ, સીટીએમ, બાપુનગર અને નરોડા થઈને જશે, અને પછી સિવિલ હોસ્પિટલ અને શાહીબાગ થઈને આરટીઓ સર્કલ પર હાલના સ્ટેશન સાથે જોડાશે. આ રૂટ માટે ડીપીઆર સરકારને સુપરત કરવામાં આવ્યો છે. શહેરને ધોલેરા એક્સપ્રેસવે, ગોધાવી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને સાણંદ સાથે જોડતો એક નવો મેટ્રો રૂટ પણ આયોજન હેઠળ છે.

# ઈડીની કોર્ટે પૂર્વ કલેક્ટર પ્રદિપ શર્માને દોષિત જાહેર કર્યા, પાંચ વર્ષની સજા

અમદાવાદ,તા.૦૬

અમદાવાદમાં નિવૃત્ત IAS અધિકારી પ્રદીપ શર્માને લઈને ચાલી રહેલા વર્ષો જૂના કેસનો આજે ચુકાદો આવ્યો છે. ઉચ્ચ પદ પર રહેલા અધિકારી પ્રદીપ શર્મા પર જિંદાલ કંપનીને ગેરકાયદે જમીન વેચાણમાં સહાય કરવાનો આરોપ હતો. આ મામલાની ગંભીરતા અને તેમાં સંડોવાયેલા આર્થિક વ્યવહારોને ધ્યાનમાં રાખીને ઈડી લાંબા સમયથી તપાસ ચલાવી રહી હતી. ઈડી કોર્ટે પ્રદીપ શર્માને દોષિત જાહેર કર્યા છે. કોર્ટમાં વર્ષોથી ચાલતી સુનાવણીઓ, પુરાવા અને તપાસની વિગતો આધારે નિર્ણય આવ્યો છે કે જિંદાલ કંપનીને જમીન વેચાણ પ્રક્રિયામાં અનેક ગેરરીતિઓ કરવામાં આવી હતી અને એમાં શર્માની સીધી ભૂમિકા હતી. એવું માનવામાં આવે છે કે આ જમીન ટ્રાન્ઝેક્શન સરકારને નુકસાન પહોંચાડે તે રીતે કરવામાં આવ્યું હતું. પ્રદિપ શર્માને પાંચ વર્ષની સજા ફટકારવામાં આવી છે.

# કાર્ડિયાક કૌભાંડ : જામનગરમાં અનેક દર્દીઓના જરૂર વગર ઓપરેશન કરી નાખ્યા હોવાનો પદાર્ફાશ

જામનગર,તા.૦૬




જામનગરમાં વધુ એક હોસ્પિટલમાં કાર્ડિયાક કૌભાંડ બહાર આવતા ખળભળાટ મચી ગયો છે. જેમાં જેસીસી બાદ હવે ઓશવાળ આયુષ હોસ્પિટલમાં કાર્ડિયાક કૌભાંડ સામે આવ્યું છે. જેમાં અનેક દર્દીઓના જરૂર વગર ઓપરેશન કરી નાખવામાં આવ્યા હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે.

ઓશવાલ આયુષ હોસ્પિટલ દ્વારા ૩૫ જેટલાં દર્દીઓને જરૂરિયાત ન હોવા છતાં સારવાર કરી સ્ટેન્ટ બેસાડી પીએમજેએવાય યોજનામાંથી ૪૨ લાખ મંજૂર કરી લીધા હોવાનું સામે આવ્યું છે. આ કૌભાંડ સામે આવતા આરોગ્ય કમિશ્નર દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા છે. જેમાં હોસ્પિટલને ૧ કરોડ ૨૬ લાખ ૭૭ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. તે સિવાય હોસ્પિટલના કાર્ડિયોલોજી વિભાગને પીએમજેએવાય યોજનામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. ઉપરાંત હોસ્પિટલનાં ડો.શ્રીપદ ભિવાસ્કરને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. આ કૌભાંડને લઈને જામનગર તબીબ આલમમાં ખળભળાટ મચી ગયો છે.

# મેં ગોપાલ ઈટાલિયા પર જૂતું ફેંકીને પ્રદિપસિંહ જાડેજાનો બદલો લીધો : છત્રપાલસિંહ જાડેજા

(એચ.એસ.એલ),જામનગર,તા.૬



જામનગર શહેરમાં શુક્રવારે સાંજે આમ આદમી પાર્ટીનું સંમેલન યોજાયું હતું, અને ટાઉનહોલમાં આયોજિત કાર્યક્રમ દરમિયાન 'આપ'ના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા સંબોધન કરી રહ્યા હતા, જે દરમિયાન તેના ઉપર જુતું ફેંકવામાં આવ્યું હતું, અને ભારે અફડાતફડી સર્જાઈ હતી.

આખરે આ જૂતું ફેંકનાર વ્યક્તિ મીડિયા સમક્ષ આવ્યા હતા. તેણે પોતાનું નામ છત્રપાલસિંહ જાડેજા અને મેમાણા ગામના રહેવાસી હોવાનું જણાવ્યું હતું. અગાઉ પ્રદિપસિંહ જાડેજા કે જેઓ ગુજરાત રાજ્ય સરકારમાં મંત્રી હતા, ત્યારે તેઓ ઉપર જાહેર સભા દરમિયાન જૂતું ફેંકવામાં આવ્યું હતું. ત્યારથી પોતાને વસવસો રહી ગયો હતો અને પોતાના સમાજનો બદલો વાળવાના ભાગરૂપે આજે મોકો ગોતીને તે ઘટનાનો બદલો વાળ્યો હતો અને પોતાની જાતને સંતોષ વ્યક્ત કર્યો હોવાનું પણ તેઓએ જણાવ્યું છે.




# રાજકોટમાં આજે ભારતીય વાયુસેના એર શો કરશે

રાજકોટ,તા.૦૬



રાજકોટ મહાનગરાલિકા દ્વારા ભારતીય વાયુસેનાના સહયોગથી ઐતિહાસિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આજે યોજાનાર આ કાર્યક્રમ દરમિયાન સૂર્યકિરણ ટીમનો એર શો સાથે 'આકાશગંગા'નાં જવાનો ચાલુ વિમાનમાંથી SB કરશે તેમજ એરફોર્સ બેન્ડ અને વાયુસેનાનું શસ્ત્રપ્રદર્શન યોજાશે. ભારતીય વાયુસેનાનાં ચાર વિભાગોનું એકસાથે પ્રદર્શ એ ઐતિહાસિક ઘટના છે. અગાઉ પીએમ મોદીની હાજરીમાં કેવડિયામાં આ પ્રકારનો કાર્યક્રમ યોજાયો હતો. ત્યારબાદ મનપાનાં પ્રયાસોથી રાજકોટને આ અનોખા કાર્યક્રમની યજમાની કરવાનો મોકો મળ્યો છે. વાયુસેનાનાં જવાનોએ આ કાર્યક્રમનું ફુલડ્રેસ રિહર્સલ કર્યું હતું અને શસ્ત્રોનું પ્રદર્શન બે દિવસ માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. રાજકોટ મ્યુનિસિલ કમિશનર તુષાર સુમેરાએ આ મેગા ઈવેન્ટની વિગતો આપતા જણાવ્યું હતું કે, IAF દ્વારા રાજકોટ માટે મંજૂર કરવામાં આવેલા કાર્યક્રમોમાં સૂર્યકિરણ એરોબેટિક ટીમનો ભવ્ય એર શો આકાશગંગા સ્કાયડાઈવિંગ ટીમનું હેલિકોપ્ટર દ્વારા પરફોર્મન્સ, એરફોર્સ બેન્ડનું પ્રદર્શન અને IAFના શસ્ત્રોનું સ્ટેટિક ડિસ્પ્લે સામેલ છે.

# કચ્છના ભુજોડીના ૪૬ વણકરોને રાષ્ટ્રીય પુરસ્કાર, હસ્તકલા વારસાને વૈશ્વિક ઓળખ અપાવી

ભુજ,તા.૦૬

કચ્છના કલાનગરી તરીકે ઓળખાતા ભુજોડી ગામે પરંપરાગત કારીગરીને માત્ર જાળવી રાખી નથી, પરંતુ તેને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ સુધી પહોંચાડવાનું ગૌરવ મેળવ્યું છે. ૪૬ રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતાઓનું આ ગામ ગુજરાતના હસ્તકલા વારસાનો જીવંત પરિચય કરાવે છે. અહીંના કારીગરોમાં ૬ સંત કબીર પુરસ્કાર વિજેતાઓ, ૨૦ રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતાઓ, અનેક રાષ્ટ્રીય મેરિટ સર્ટિફિકેટ ધારકો, ૧ શિલ્પ ગુરુ, ૪ કલાનિધિ પુરસ્કાર વિજેતાઓ અને હેન્ડલૂમ–હસ્તકલા ક્ષેત્રના વિવિધ રાજ્ય પુરસ્કારો પ્રાપ્ત કરનાર વણકરોનો સમાવેશ થાય છે. ભુજોડીના વણકર સમુદાયની કુશળ હસ્તકલા માત્ર એક કલા નથી, પરંતુ સંસ્કૃતિનો અવિનાશી શ્વાસ છે. તેમના હાથમાંથી નિષ્પન્ન થતી શાલ, ઊની રજાઈ, ધાબળા અને પરંપરાગત રૂપાંકનો ગુજરાતના શાહી કાપડ વારસાને અનોખી ઓળખ આપે છે. કારીગરો પરંપરાગત વણાટ તકનીકોને આધુનિક ડિઝાઈન સાથે સુમેળમાં લાવીને સમયની કસોટી ઉપર ખરા ઉતરેલા પ્રાચીન કલા સ્વરૂપોને નવી પેઢી સુધી પહોંચાડે છે. ભુજોડીના જાણીતા કારીગર નાનજી ભીમજીભાઈ ખરેત જણાવે છે કે, "વણકર સેવા કેન્દ્ર વિભાગ તરફથી મળેલ સતત તાલીમ અને પ્રદર્શની તકો ગામના દરેક કારીગરને આત્મવિશ્વાસ, ગુણવત્તા અને બજાર જોડાણ વધારવામાં મદદરૂપ થયા છે." આ સમુદાય ફેબઈન્ડિયા, જયપોર અને ગરવી ગુજરાત જેવી બ્રાન્ડ્સ સાથે પણ કામ કરે છે.







